Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું    અંક ૧ લો

કાર્તિક.

ઇ. સ. ૧૯૪૭    ૨૧ નવેમ્બર

વીર સં. ૨૪૭૪    વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બારમાસ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૪ મું, અંક ૧ લો. | કાર્તિક. | વીર સં. ૨૪૭૪, વિ. સં. ૨૦૦૪


## अनुक्रमणिका


૧. નૂતન વર્ષ—આશીર્વાદ ... ...(કવિ ભવાનભાઈ જેચંદભાઈ શાહ) ૧
૨. અનંત જીવનલીલા ... (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) ૨
૩. જૈનધર્મ પ્રકાશ દીર્ઘાયુ હો... ... ... (રાજમલ ભંડારી) ૨
૪. નૂતન-વર્ષાભિનંદનમ્ ... ... ...(મગનલાલ મોતીચંદ શાહ) ૩
૫. અહિંસા હી અમૃત કી ખાન હૈ ... ... (રાજમલ ભંડારી) ૪
૬. નૂતન વર્ષ ... ... ...(શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૫
૭. મારી મુસાફરી ... ... ... ... ... ...(દ્વિરેફ) ૧૧
૮. પ્રભુદર્શન શી રીતે કરાય? ... ... (શ્રી બાલચંદ હીરાચંદ) ૧૩
૯. નૂતન-વર્ષાભિનંદન ... ... ... (શ્રી બાલચંદ હીરાચંદ) ૧૬
૧૦. આપણા પ્રાચીન જ્ઞાનભંડારો ... (પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી) ૧૭
૧૧. આમ શા માટે? ... ... ...(દીપચંદ જીવણલાલ શાહ) ૨૪
૧૨. વ્યવહાર કૌશલ્ય : ૨૬૮ ... ... ... ... (મૌક્તિક) ૨૬
૧૩. સભા સમાચાર ... ... ... ... ... ... ૨૮


## નવા સભાસદો.

૧ શાહ ભોગીલાલ ચુનીલાલ ખુશાલીદાસ — અમદાવાદ લાઇફ મેમ્બર
૨ શ્રી વિજયદેવસુર જ્ઞાનભંડાર હ. ચોકસી મોહનલાલ દીપચંદ — મુંબઇ ,,
૩ શ્રી નિત્યમણિજીવન લાઇબ્રેરી હ. શેઠ મણિલાલ વનમાળીદાસ — કલકત્તા ,,
૪ શાહ લાલચંદ નાનચંદ — વાવડી વાર્ષિક મેમ્બર


## વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત.

આ ગ્રંથની બીજી આવૃત્તિ ખલાસ થઇ ગયાને ઘણો સમય થઇ જવાથી તેની વારંવાર માગણી રહેતી હોવાથી છાપકામ વિગેરેની મોંઘવારી છતાં આ ઉપયોગી ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આ જ્યોતિષના અદ્ભુત ગ્રંથમાં બારે માસના વાયુનો વિચાર, સાઠ વર્ષનું ફળ, શનિ નક્ષત્રના યોગનું ફળ, અયન, માસ, પક્ષ, દિન, વર્ષરાજાદિકનો અધિકાર, મેઘગર્ભ, તિથિફળ, સૂર્યચાર, ગ્રહણ, શકુનનિરૂપણ, તેજીમંદી સ્વરૂપ, ધ્રુવાંક, હસ્તરેખા-વિગેરે વિષયોનો સમાવેશ કરેલ છે. કિંમત રૂા. ૬ાા.

લખો.—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

પોપટલાલ સાકરચંદ શાહ, ઘીકાંટા, ફીકાભટ્ટની પોળ-અમદાવાદ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું.
અંક ૧ લો
: કાર્તિક :
વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪

## नूतन वर्ष–आशीर्वाद

卐

જૈન ધર્મ આરાધીએ, નર પામી અવતાર;
ધર્મ ન ચૂકો પ્રાણીયા, રસનાથી એ લગાર.

મહાવીરના સુત છો તમો, પ્રણમો શ્રી જિનદેવ;
કાર્ય સિદ્ધ થાશે સદા, શરણ રહી કરો સેવ.

જગમાં જનમ્યા તે ખરા, યશ મેળવ્યો જગમાંય;
વંછે સહુ તેહનું ભલું, તુર્ત તેહ જણાય.

રસના મીઠી જેહની, હોઠ તે અમિય સમાન;
સવારમાં પામ્યા પ્રભુ, દાદા કેવળજ્ઞાન.

કવિ ભવાનભાઇ જેચંદભાઈ–વરલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનંત....જીવનલીલા

અનુષ્ટુપ

સંસારસ્તંભમાં બદ્ધ, જીવ આ કર્મ-સાંકળે;
ફરી ફરી ફરે ફેરા, શ્વાનવત્ ભવ-વર્તુલે. ૧
બાલ્યાવસ્થા વિષે મૂઢ, અશુચિ કર્દમે રમે;
ધૂલિકેલિ સમી બાલ-ચેષ્ટાઓ અતિશે ગમે! ૨
તારુણ્યે તરુણીરૂપે, ભમરો થઇને ભમે;
વિષયાશુચિના પંકે, ભૂંડો ભૂંડ થઇ રમે. ૩
મધ્યઅંબુધિના જેવી, મધ્યમ વય પામતાં;
એહ જીવનનૌકાને, હીલોળા ખૂબ આવતા. ૪
કરું આમ કરું તેમ, એમ અનંત રંગના;
ચંચલ ચિત્તભૂમિમાં, ઊઠે અશ્વ તરંગના. ૫
ત્યાં તો આવે જરા દોડી, લઇ પેગામ મૃત્યુનો;
ઘર ખાલી કરો શીઘ્ર, ઘોરો છો શું અરે જનો! ૬
એવું બોલે ન બોલે ત્યાં, યમદંડ પ્રચંડનો;
પ્રહાર ભાંગીને ભુક્કો, કરે જન ઘમંડનો. ૭
એક જીવનલીલા જ્યાં, સમાપ્તિ આમ પામતી;
ત્યાં તો આવી ઊભે બીજી, કદી ના જ વિરામતી! ૮

વસંતતિલકા

એવી રીતે જીવનચક્ર અનંત ચાલે,
પીલાય જ્યાં જીવ સદા બહુ દુઃખજાલે;
તોયે તિહાં ભ્રમણુની ન ટળે દુરિચ્છા!
જો! જીવનાર્થ મૂઢની વિષપાન ઇચ્છા! ૯

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

## श्रीजैनधर्म प्रकाश दीर्घायु हो ।

जीवन ज्योति जगा जैनों की, हो उन्नत अतिभाल महान ।
जैनधर्म के प्रकाश से फिर, जग को होवे सच्चा ज्ञान ॥ १ ॥
स्वमान सीखा दे त्याग बता दे, और करा दे निज का भान ।
भूल दीखा के मिथ्यात्व हटादे, प्रगटा दे जैनत्व महान ॥ २ ॥
प्रिय ! कुंवरजी का तुं प्यारा, जैन जगत का ओ उजियारा ।
मेरा तुझ को कोटि वार है, प्रेम सहित सस्नेह प्रणाम ॥ ३ ॥
धर्म ध्वजा तुं फहरायेगा, अनीतियों का कर कर अन्त ।
जैनधर्म प्रकाश दीर्घायु हो, कीर्ति फैले दशे दिगन्त ॥ ४ ॥

राजमल भण्डारी—आगर ( मालवा )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षाभिनंदनम् ।

## प्रारंभे गुरुवंदनं

अनुष्टुप् वृत्तम्

नमोऽस्तु वृद्धिचन्द्राय, स्वरूपाय तपस्विने ।
ज्ञानध्यानवरिष्ठाय, नमोऽस्तु मे नमोऽस्तु मे ॥ १ ॥

वसंततिलका वृत्तम्

चारित्रयुक्तमतिपावनकायमर्च्यं[1],
कारुण्यपूर्णनयनं भविजीवमित्रं ।
कल्पद्रुमोपममनन्यपरायणं च,
वन्दे त्रितापशमनं मुनिवृद्धिचन्द्रम् ॥ २ ॥

શિખરિણી

પ્રભો ! કાન્તિ તારી રવિ શશિ થકીથી પરતરા,
સદા શાતા દાતા ભવિજન ભવાબ્ધિ ભયહરા;
નમી યાચું આજે મન વચન કાયે જિનવરા,
નવા વર્ષે સ્થાપો સહુ હૃદયમાં એ સુખકરા. ૧

વસંતતિલકા

વાગિશ્વરી સહુ મુખે વિભૂતિ વધારો,
ને ઈન્દિરા સહુ ગૃહે નિજવાસ રાખો;
આ યોગ સર્વ જનમાં ન સુલભ્ય ભાસે,
તે દ્વંદ્વ યોગ મળજો નવલે પ્રભાતે. ૨

ઉપજાતિ

યોગીન્દ્ર ! દેવેન્દ્ર ! જિનેન્દ્ર ! દેવા, સ્મરું નવાબ્દે તુજ નાથ સેવા;
"**પ્રકાશ**" પામો સહુ સિદ્ધિ ભારી, શાંતિ "**સભા**"માં વધજો અપારી. ૩

**મગનલાલ મોતીચંદ શાહ—વઢવાણ કેમ્પ**

१ पूज्यं.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अहिंसा ही अमृत की खान है।

अहिंसा है अमृत की खान, बनाती सदा महाबलवान ॥ टेक० ॥
जो इसका है पाचन करते, निर्भय होकर जगमें विचरते ।
शत्रु भी उनके नहीं बड़ते, देती यह वरदान ॥ अहिंसा ॥ १ ॥
भयभीत जगत में वोही कहाते, हिंसा कर जो पर को सताते ।
राज्य और से भी दण्ड पाते, सहते बहुत अपमान ॥ अहिंसा ॥ २ ॥
मूल धर्म की यह बतलाई, नीव क्रिया की इस पर रचाई ।
आगम वेद पुरान में गाई, गाई जगने महान ॥ अहिंसा ॥ ३ ॥
जो इसको कायर बतलाये, वह धर्मतत्त्व से दूर कहावे ।
शंका सदा ही इस पर लावे, वह है नहीं चतुर सुजान ॥ अहिंसा ॥ ४ ॥
पूर्ण अहिंसा पालन करते, उन्है महात्मा जग में कहते ।
शत्रु मित्रसम दृष्टि रखते, है यह सर्वविरति गुनखान ॥ अहिंसा ॥ ५ ॥
देशविरति में यह बतलाई, निरपराधी नहीं जाय सताई ।
अपराधी नहीं जाय बचाई, है यह गृहस्थधर्म फरमान ॥ अहिंसा ॥ ६ ॥
अहिंसा जगमें विजयी कहाई, आजादी इससे ही आई ।
संग में अपने क्रान्ति लाई, होगी अन्त में विजय महान ॥ अहिंसा ॥७॥
हिंसा विष की खान कहाई, जो करते उनने देह गुमाई ।
आबादी मिटा बरबादी लाई, हो गये वह परेशान ॥ अहिंसा ॥ ८ ॥
हिंसा का संघर्ष छोड़ा था, जर्मन ब्रिटन खुब लड़ा था ।
हिटलर लड़ने हुवा खड़ा था, रह गये दिल में ही अरमान ॥ अहिंसा ॥९॥
रहम करो रहेमान बतावे, रहम से आतम शान्ति पावे ।
भूल गये है मिस्टर जिन्ना, अल्ला व रहेमान ॥ अहिंसा ॥ १० ॥
भूले वह बरबाद हुवे हैं, हिटलर से नाबुद हुवे है ।
सदा रहेगे कायम जग में, वही अहिंसावान ॥ अहिंसा ॥ ११ ॥
अहिंसा अमृत जीसने पीया, वही विश्व में सच्चा जीया ।
मरा हुवा भी है वह जीता, है वह अमर महान ॥ अहिंसा ॥ १२ ॥
अहिंसा विजयी सदा हुई है, हिंसा कायम नहीं रही है ।
विश्वप्रेम की प्रतीक अहिंसा, है वीरवरों की खान ॥ अहिंसा ॥ १३ ॥
हिंसा का साम्राज्य बड़ा था, जब वीर प्रभु अवतारी हुआ था ।
हिंसा का अस्तित्व मिटाया, चला अहिंसा बाण ॥ अहिंसा ॥ १४ ॥
वीर प्रभु की वीर अहिंसा, चाहे दुष्ट और क्रूर हो कैसा ।
कर देती अमृत के जैसा, जो पावे स्व-'राज' महान ॥ अहिंसा ॥ १५ ॥

राजमल भण्डारी—आगर ( मालवा )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्ष.

**વિક્રમ** સંવત ૨૦૦૪ ના નૂતન મંગળમય પ્રભાતે **"શ્રી જૈનધર્મ પ્રકાશ"** ત્રેસઠ વર્ષની વય વ્યતીત કરી ચોસઠમા વર્ષમાં પ્રવેશ કરે છે. માસિકનું આટલું લાંબું આયુષ્ય એક સદ્ભાગ્ય છે. તેનું ખરેખરું માન સદ્‌ગત શેઠશ્રી **કુંવરજીભાઇ**ને ઘટે છે. તેમનો સ્થૂળ દેહ વિલય પામ્યા છતાં તેમનો અમર આત્મા માસિકને તથા આ સંસ્થાને પ્રાણ પૂરી રહ્યો છે.

**વ્ય**તીત વર્ષ આર્યાવર્તના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ભોગવે છે. લાંબા સમયની કઠીન તપશ્ચર્યા પછી હિંદ આઝાદ બન્યું છે. હિંદ આપણો સ્વતંત્ર દેશ છે, તેના આપણે માલેક છીએ અને તેનું ભાવી ઘડવાનું હવે આપણા હાથમાં છે તે આપણે અભિમાનથી કહી શકીએ છીએ.

**ગ**ત વર્ષમાં બનેલ રાજકીય ઘટનાનો વિચાર કરતાં પહેલાં આપણા જૈન સમાજ અને જૈનધર્મને સ્પર્શતી ત્રણ ચાર બાબતોનું વિહંગાવલોકન કરીએ. તેમાંની પહેલી એક બાબત આપણા સુપ્રખ્યાત શ્રી કેશરીયાજી તીર્થના વહિવટ અને ઉદેપુર રાજ્યના તેના ભંડાર ઉપર થયેલ હસ્તક્ષેપને લગતી છે. ઉદેપુર રાજ્યે તીર્થના ભંડારમાંથી પોતાની સ્વમુખત્યારીથી શ્રી જૈન સંઘની સંમતિ વિના પંદર લાખ જેવી મોટી રકમ કાઢી લઇ વિશ્વવિદ્યાલયમાં વાપરવાની જાહેરાત કરી હતી. શ્રી કેશરીયાજી તીર્થના વહિવટકર્તાઓએ અને સંઘે આ સામે સખત વિરોધ કર્યો હતો. કોઇપણ રાજ્યને જૈન મંદિરના દેવદ્રવ્યને ગમે તે રીતે ગમે ત્યાં વાપરવાનો અધિકાર નથી એવો સકલ જૈનસંઘ તરફથી વાંધો રજૂ કરવામાં આવ્યો હતો. પરિણામે ઉદેપુર રાજ્યે પોતાની જાહેરાત ખેંચી લીધી હતી અને ઝઘડાનો શાંતિથી ઉકેલ થઇ ગયો હતો. આવા બનાવ ઉપરથી શ્રી જૈન સંઘે અને મંદિરો તથા તીર્થોના વહીવટકર્તાઓએ કેટલોક બોધ લેવા જેવો છે. દેવદ્રવ્યને નામે લાખો રૂપિયાની મિલ્કત આપણે એકઠી કરતા જઇએ, તે મિલ્કતનો સમજપૂર્વક કાંઈ ઉપયોગ ન કરીએ તે આ સમયમાં લાંબો વખત નભી શકે તેવું નથી. ખરૂં જોતાં તો જોઇએ તેટલી મિલ્કત રાખી બીજા દ્રવ્યનો બીજા ઉપયોગી મંદિરો બાંધવામાં કે તીર્થોના ઉદ્ધારમાં ઉદાર હાથે વ્યય થવો જોઇએ. જૈન શાસ્ત્રમાં સાત ક્ષેત્રો બતાવ્યા છે, અને તેમાં જે ક્ષેત્ર સીદાતું હોય તેને પલ્લવિત કરવાનું ફરમાવ્યું છે. એટલે કુશળ કૃષિકાર(ખેડુત)ની માફક દાનનો પ્રવાહ પણ સુકાતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યારા તરફ વાળી, અન્ય પાણીથી ભરચક ક્યારા તરફ જતાં અટકાવવા પ્રબંધ કરવો જોઇએ; નહિં તો આપણા દેરાસરોના લાખો રૂપિયાના ફંડો આપણા હાથમાં રહેશે નહિ. અને સમાજને કાંઇપણ લાભ થયા વિના કાળના પ્રવાહમાં તણાઇ જશે.

બીજો ગયા વર્ષમાં ચર્ચાયેલો સવાલ મુંબઇ ઇલાકાનાં હરિજન મંદિર પ્રવેશનો હતો. આ બીલ સામે જૈનો તરફથી ઘણો વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ઠેકઠેકાણે તેના વિરુદ્ધના ઠરાવો કરી સરકારને તારો મોકલવામાં આવ્યા હતા પણ આપણા વિરોધની કાંઇ અસર થઇ નહી અને એક પણ વિરુદ્ધ મત વિના મુંબઇ સરકારે ધારો પસાર કર્યો હતો. અમને જણાય છે કે જો આપણે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોની દૃષ્ટિએ આ સવાલનો વિચાર કર્યો હત તો આવો ઊહાપોહ થવાનો ઓછો સંભવ હતો. જૈન જેવા વિશ્વવ્યાપી ધર્મના સિદ્ધાંતમાં જૈનમંદિરમાં કોણ દાખલ થઇ શકે અને કોણ દાખલ ન થઇ શકે તે સવાલ ગૌણ છે. અલબત્ત જૈન મંદિરમાં દાખલ થનાર શખ્શે મંદિરની પવિત્રતા સાચવવી જોઇએ અને હૃદયમાં વીતરાગ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ રાખવો જોઇએ.

ગયા ભાદરવા મહિનામાં શહેર ભાવનગરમાં શ્રી વિજયધર્મસૂરિ-રજત જયંતી મહોત્સવનો સમારંભ થયો હતો તેમાં પંડિત શ્રી સુખલાલજીએ કરેલ ભાષણનો અગત્યનો ભાગ અને તે સમારંભે અમારા મન ઉપર પાડેલ છાપનો ઉલ્લેખ છેલ્લા આશ્વિન માસના અંકમાં આપવામાં આવેલ છે. ધર્મના વિષયોમાં પણ નવીન વિચારો જાણવાનો, તુલનાત્મક દૃષ્ટિએ તેનો વિચાર કરવાનો અને ચર્ચા કરી સાર ગ્રહણ કરવાનો ભાવ આપણા જૈન વર્ગમાં અને વિશેષતઃ જૈન યુવકોમાં છે તેવા પ્રકારનું દૃશ્ય સમારંભમાં જોવામાં આવ્યું હતું. જૂની પ્રણાલિકા પ્રમાણે ઉપદેશ આપનારાઓને પણ હાલનો યુવક શું જાણવા માગે છે તે આવા સંમેલનોની સફળતા ઉપરથી સમજવાનું રહે છે.

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીયા સૉલીસીટરને તેમની સાહિત્ય-સેવા, સમાજ અને સંઘસેવા તેમજ વિશેષતઃ શ્રી મહાવીર જૈન વિદ્યાલય સ્થાપવામાં, પોષવામાં અને વિકસાવવામાં જે અમૂલ્ય તન, મન અને ધનનો ભોગ આપ્યો છે તેની જાહેરમાં કદર કરવા એક સારી રકમ(પર્સ) આપવાનો મુંબઇના તેમના પ્રશંસકો અને સહકર્મચારીઓએ ઠરાવ કરી અપીલ બહાર પાડેલ છે. શ્રીયુત મોતીચંદભાઇની આ પ્રમાણે કદર કરવામાં આવે તે યોગ્ય છે. આવા ગૃહસ્થ અને પ્રેમી બંધુને પર્સ આપવાનો મૂળ હેતુ તો સામાન્યતઃ એવો હોય છે કે-તે રકમ તેમના જીવનના પ્રિય વિષયના ખર્ચ માટે અર્પણ થાય. અમે ઇચ્છીએ છીએ કે સારી રકમ એકઠી થાય અને તે રકમ વિદ્યાલય જેવા કેળવણીના ધામમાં તથા તેમના પ્રિય જૈન સાહિત્યના પ્રચારના કામમાં વપરાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે વ્યતીત થયેલ વર્ષમાં જે રાજકીય પરિવર્તન થયું તેનો વિચાર કરીએ. બ્રિટિશ સરકારે હિંદ સ્વાતંત્ર્ય બીલ પસાર કરી ગત પંદરમી ઓગસ્ટના રોજ હિંદને સ્વતંત્ર જાહેર કર્યું. અને મુસ્લીમ પ્રજાનો વાંધો ધ્યાનમાં લઇ અખંડ હિંદુસ્તાનના હિંદ અને પાકીસ્તાન એવા બે ભાગલા કર્યા. હિંદના નેતાઓને હિંદના ભાગલા કોઇપણ રીતે પસંદ ન હતા, પણ બ્રિટિશ રાજ્યની ધુંસરીમાંથી છૂટવાનો બીજો કોઇ માર્ગ ન હતો એટલે ભાગલા કબૂલ કરવામાં આવ્યા. આ ભાગલામાં હિંદુસ્તાનનો મોટો ભાગ હિંદ યુનીયન સરકારના હાથમાં આવ્યો છે. છેલ્લા દોઢસો વર્ષની હકુમત દરમ્યાન પહેલા કોઇપણ સમયે ન જોવામાં આવેલ રાષ્ટ્રભાવના હિંદુસ્તાનમાં જાગ્રત થયેલ છે. ચાલીશ કરોડની વસ્તીવાળા અને એક મોટા ખંડ જેવા વિસ્તારવાળા હિંદુસ્તાનમાં એક રાજ્યસત્તા, એક જ આર્થિક તંત્ર, એક લશ્કર, એક સરખો તાર–ટપાલ તથા રેલ્વે વહેવાર અને આંતરપ્રાંતીય અને આંતરરાષ્ટ્રિય એક સરખો વ્યવહાર–આ એકતા હિંદુસ્તાનના પૂર્વ ઇતિહાસમાં જોવામાં આવતી નથી. બ્રિટિશ તંત્ર લોકશાસનવાદી હોવાથી તેની છાપ પણ હિંદ ઉપર મજબૂત પડેલ છે. બ્રિટિશ તંત્રની હિંદુસ્તાન પરત્વેની સામ્રાજ્ય નીતિ અને તેને અંગે શોષણ નીતિ અતિ ઉત્કટ હોવા છતાં એટલું તો કહેવું જોઇએ કે હિંદુસ્તાનમાં ઊભી થયેલ રાષ્ટ્ર ભાવના સ્વતંત્રતાની ભાવના અને ઐક્યની ભાવના માટે હિંદ બ્રિટિશરોનું રૂણી છે. પ્રથમની સરકારની ચાલતી આવેલ ભાગલા પડાવી રાજ્ય કરવાની કુટિલ નીતિને પરિણામે હિંદુ મુસલમાન અને દેશી રાજ્યો વચ્ચે સંઘર્ષણના મોટા સવાલો ઉપસ્થિત થયાં છે, તે સંઘર્ષણના કેવા ભયંકર પરિણામ આવે છે તે બંગાલમાં, બિહારમાં, પંજાબમાં અને ઠેકઠેકાણે જોવામાં આવે છે, છતાં હિંદ સરકાર તેનો શાંતિભર્યો ઉકેલ કરવામાં ઘણે અંશે સફળ થયેલ છે અને સફળ થાય છે તે આપણે જોઇએ છીએ. આવા કામમાં જ પ્રજાની અને રાજ્યકર્તાની કસોટી થાય છે. અને તે કસોટીમાંથી શુદ્ધ કંચનની જેમ બહાર આવવું તેમાં જ ખરો ધર્મ અને પુરુષાર્થ છે.

**આ** ધર્મ અને પુરુષાર્થનો મોટો યશ **મહાત્મા ગાંધીજી**ને ફાળે જાય છે. જ્યાં જ્યાં અંધાધુની, ખૂનામરકી અને અરાજકતા થતા જોવામાં આવે છે ત્યાં ત્યાં તેઓ વિહાર કરે છે, વાસ કરે છે અને પોતાના જીવનમાં મૂર્તિમંત થયેલ અહિંસા, સત્ય અને પ્રેમનો પાઠ ભણાવે છે. તેમના સહવાસમાં આવતાં જ એક બીજાનું ગળું કાપવાને તલસી રહેલા લોકોના વેરઝેર શમી જાય છે અને માનવતાના ધર્મો હૃદયમાં જાગ્રત થાય છે. મનુષ્યજાતિમાં પાશવવૃત્તિ સહજ છે, તે પાશવવૃત્તિને ધર્મના ઝનૂને પ્રજ્વલિત કરેલ છે. રાજકીય કારણોએ તેમાં પેટ્રોલ રેડેલ છે, એટલે તે વૃત્તિ શમાવતાં વખત લાગશે પરંતુ મહાત્માજીના સહવાસથી અને ઉપદેશથી આ પાશવ વૃત્તિ કાબૂમાં આવતી જાય છે તે તેમના ઉપદેશની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સફળતાસૂચક છે. હિંદુસ્તાનના ઇતિહાસમાં મહાત્માજીનું નામ આર્યાવર્તના ઉદ્ધારક અને અહિંસા, સત્ય અને સંયમના પયગંબર તરીકે અમર રહેશે. પરમાત્મા તેમને લોકકલ્યાણ માટે લાંબું નિરોગી આયુષ્ય બક્ષે એવી પ્રાર્થના કરી આપણી જાતને કૃતાર્થ કરીએ.

પંડિત જવાહરલાલ નેહરૂ, સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત વિગેરે અનેક નેતાઓએ આ કસોટીના કાળમાં પુરુષાર્થ ફોરવી હિંદને દેશપરદેશમાં પ્રખ્યાત કરી રહેલ છે, અને પોતાની જાતની પરવા કર્યા વિના વિકટ પ્રસંગોનો સામનો કરવામાં પાછી પાની કરતા નથી: આવા હિંદના સુસંતાનોને આપણે નવા વર્ષમાં અંજલિ આપી તેમના કાર્યોની સફલતા ઇચ્છીએ.

તાજેતરમાં બનેલ અને આપણને સૌથી વધારે અગત્યની રાજકીય ઘટના તો જૂનાગઢ રાજ્યની છે. જૂનાગઢ રાજ્યના નવાબી તંત્રે નંદનવન સમી પ્રાચીન પૂણ્ય ભૂમિ સૌરાષ્ટ્રને સિંધીઓ અને પઠાણોના પ્રાબલ્યવાળા પાકીસ્તાનમાં ભેળવવાનો પ્રયાસ કર્યો હતો. શ્રી ગિરનાર આપણું તેમજ અન્ય હિંદુઓનું પવિત્ર તીર્થ છે. સૌરાષ્ટ્રનો, સમ્રાટ અશોક અને તે પહેલાંના યાદવોનો પૂરાણો ઇતિહાસ છે. જૂનાગઢ રાજ્યના પાકિસ્તાનમાં ભળવાના સમાચારે સમસ્ત કાઠી-યાવાડ અને ગુજરાતમાં વસતા જૈનો અને હિંદુઓના કાળજામાં ફફડાટ જગાવ્યો હતો. તેની સામે જબરજસ્ત રાજકીય અને પ્રજાકીય આંદોલન ઊભું થયું હતું. તે આંદોલન અને વિરોધ સામે છેવટે જૂનાગઢ રાજ્યને હિંદ સરકારની શરણાગતિ સ્વીકારવી પડેલ છે અને હાલ તુરત ત્યાં શાંતિ પ્રસરાણી છે. આપણી આધ્યાત્મિક તપશ્ચર્યા અને વિશ્વશાંતિની ભાવનાએ આપણને મૂર્ત ફળ આપેલ છે.

આ પલટાતા કાળમાં આપણું જૈનોનું શું કર્તવ્ય છે તેનો વિચાર કર-વાનો રહે છે. આપણને જૈન સંસ્કૃતિનો, તત્ત્વજ્ઞાનનો અને સાહિત્યનો મોટો વારસો મળ્યો છે. ધર્મ ભાવના પોષવાને રમણીય સ્થાનોમાં આપણા તીર્થો અને મંદિરો રચાયા છે. ત્યાગની ભાવના પોષનાર આપણામાં શ્રમણવર્ગ છે. આપણા મુનિ-મહારાજાઓ અને આચાર્યોએ આપણું જ્ઞાન અને આપણો ધર્મ જીવંત રાખેલ છે. ચરમતીર્થંકર **શ્રી મહાવીર ભગવાન**ના સમયથી આજ સુધીના પચીસ સો વર્ષના લાંબા કાળમાં અનેક રાજકીય અને સામાજિક પરિવ-ર્તનો થયા છતાં જૈન ધર્મ અખંડ વહેતો રહ્યો છે, તેનો ખરેખરો યશ આપણા સાધુ મહારાજાઓને શીર છે. સમાજ અને રાજ્યના પરિવર્તન સાથે ધર્મના મૂળ સિદ્ધાંતોને બાધ ન આવે તેવી રીતે અનુકૂળતા સાચવવાની અદ્-ભૂત શક્તિ આપણા ધર્મગુરુઓએ બતાવેલ છે. બ્રિટિશ હકુમતના છેલ્લાં દોઢસો વર્ષોમાં આપણે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરેલ છે. અનેક પ્રાચીન ગ્રંથોને સંશોધિત કરાવી પ્રસિદ્ધ કર્યાં છે, જૂના મંદિરોના પુનરુદ્ધાર થયા છે, જૂની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થંભૂમિઓની શોધખોળ થઈ છે, નવાં મંદિરો બંધાયા છે, પ્રાચીન પુસ્તકોના ભાષાંતરો થયા છે, તે સાથે જ્ઞાનમંદિરો, વિદ્યાલયો, છાત્રાલયો, પાઠશાળાઓ સ્થળે સ્થળે સ્થપાયેલ છે. જૈનોની આર્થિક સ્થિતિ પણ સુધરી છે.

હવે બ્રિટિશ રાજ્ય અહીં ખતમ થયું છે અને હિંદનું સ્વતંત્ર રાજ્ય સ્થપાયું છે. રાજકીય સ્વતંત્રતા સાથે પ્રજાની બુદ્ધિ પણ સ્વતંત્ર રીતે વિચાર કરતાં શીખે છે. પરતંત્ર માનસ સ્વતંત્ર માનસ બને છે. શ્રદ્ધાવાદને સ્થાને બુદ્ધિવાદ આવે છે. સ્વતંત્ર પ્રજાનો પ્રધાન વિષય રાષ્ટ્રની એકતા અને સ્વતંત્રતા બને છે. સ્વતંત્ર દેશોના દરેક એકમોએ–રાજકીય, સામાજિક અને ધાર્મિક–રાષ્ટ્ર ભાવનાને અનુકૂળ રહેવાનું હોય છે. જે કોઇ એકમ રાષ્ટ્ર ભાવનાને અનુકૂળ ન થઇ શકે તેને તો રાષ્ટ્રમાં રહેવાનું કે ઉન્નતિ ભોગવવાનું સ્થાન રહેતું નથી. જગત્‌નો ઇતિહાસ જોતાં ઉપર બતાવેલ એક સામાન્ય નિયમ દૃષ્ટિગોચર થાય છે. ફ્રાંસ, ટર્કી, રૂશિયા વિગેરે દેશોમાં ત્યાંના પ્રચલિત સંપ્રદાયો અનુકૂળ ન થઇ શકયા એટલે નષ્ટ થઇ ગયા. આ ઉપરથી એટલું સમજવાનું છે કે આપણું ધાર્મિક જીવન સંકુચિત ન હોવું જોઇએ, તેમાં ઉદાર ભાવના હોવી જોઇએ. બીજા ધર્મો પ્રત્યે સહિષ્ણુતા કેળવવી જોઇએ, તિરસ્કાર ન કેળવવો જોઇએ. બીજા સંપ્રદાયો કે ધર્મોની ત્રુટિઓ જોવાની વૃત્તિ રાખવાને બદલે તેમાં રહેલ સદંશને જોતાં શીખવું જોઇએ. આપણા ધર્મ તરફ ઉપેક્ષા રાખવી અથવા નાસ્તિક થવું એવો આ કહેવાનો અર્થ કરવાનો નથી; પણ ધર્મને નામે સમાજમાં તિરસ્કાર વૃત્તિ ન ઊભી કરવી જોઇએ. જો દેશમાંના જૂદા જૂદા ધર્મો વેરવૃત્તિ વધવાના સાધનો બને તો કાં તો પ્રજા તે ધર્મોને ફેંકી દેશે અથવા રાજ્ય તેવા ધર્મોને દાબી દેશે અને તે પ્રમાણે કરવામાં પ્રજા કે રાજ્ય નિષ્ફળ જશે તો પ્રજાનો અને રાજ્યનો નાશ થશે અથવા કાયમી પરતંત્રતા ભોગવવી પડશે. આ હિસાબે આપણે જૈનોએ પ્રથમ તો આપણા મતભેદો દૂર કરવા જોઇએ અને એક બીજા સાથે હળીમળીને ચાલતાં શીખવું જોઇએ. આપણામાં જે મતમતાંતરો જોવામાં આવે છે, સંપ્રદાયના ભેદો, ગચ્છના ભેદો જોવામાં આવે છે તે એક વિકૃતિ છે, સ્વભાવ નથી. શ્રી મહાવીર ભગવાનના અહિંસા અને અનેકાંતવાદના શાસનમાં આવા ભેદોને સ્થાન નથી. મતભેદો ભલે હોય પણ તેની પાછળ અભિનિવેશ કે રાગદ્વેષ ન હોવા જોઇએ. નૂતનવર્ષના મંગળમય પ્રભાતે આપણે પરમાત્માની પ્રાર્થના કરીએ કે અમે સ્વતંત્ર રાષ્ટ્ર–ભાવનાના પૂરક થઇએ, અમારી સંકુચિત દૃષ્ટિ વિશાળ થાય અને ધર્મના નામે ખોટા રાગદ્વેષથી મુક્ત થઇએ.

અત્યારે આખું જગત્ અનેક પ્રકારની યાતનાઓથી ત્રાસી રહ્યું છે. ઘણા માણસોને પેટપૂરતું ખાવાનું કે શરીર ઢાંકવા જેટલું વસ્ત્ર પણ મળતું નથી. તેમાં પંજાબમાં થયેલ હત્યાકાંડે તો મર્યાદા મૂકી છે. માણસ જાત માનવ મટી જંગલનું એક હિંસક પ્રાણી બનેલ છે. માણસમાં માનવતા લાવવાનો એક જ માર્ગ ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આપણો અહિંસા, સત્ય અને સંયમનો ધર્મ છે. મનુષ્યોને તેમની યાતનાઓ ઓછી કરવાના કામમાં યથાશક્તિ તન, મન અને ધનની મદદ કરવી, તેમજ હૃદયથી જગતમાં શાંતિ ઇચ્છવી એ આપણું કર્તવ્ય છે. આ મંગળમય પ્રભાતે આપણે ખરા અંતઃકરણથી ઇચ્છીએ કે **सर्वतः सुखिनः भवन्तु लोकाः ।** લોકો સર્વ પ્રકારે સુખી થાઓ.

શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકને અંગે યતકિંચિત્ કહેવાનું રહે છે. ગયા વર્ષમાં જણાવ્યું હતું તે કરતાં પણ ગયા વર્ષમાં માસિકનો ખર્ચ વિશેષ આવ્યો છે. એક એક માસિકની કિંમત વાર્ષિક ચાર ચાર રૂપિયા આવી છે, છતાં એક જાતની ધર્મ પ્રભાવના માની લવાજમ વધાર્યું નથી. અને અમારા ઉદાર અને સાધનસંપન્ન ગ્રાહકો અને સભાસદો પાસે મદદ માટે અપીલ કરેલ છે. ગયે વર્ષે અમારી અપીલને જોઇએ તેટલો જવાબ મળ્યો નથી. જો આવી મદદ નહિ મળે તો અનિચ્છાએ લવાજમ વધારવા વિચાર કરવો પડશે. સર્વ ભાઇઓને અમારી આગ્રહભરી વિનંતિ છે કે માસિકના અર્થના નિભાવ માટે યથાશક્તિ રકમ મોકલી આપે.

ગયા વર્ષના પુસ્તક ૬૩ માં ગદ્યપદ્ય લેખોને સાધુ મુનિમહારાજાઓ અને વિદ્વાન લેખકો તરફથી મળેલા પ્રકાશિત કરવામાં આવ્યા છે, તેની નોંધ ગયા આશ્વિન માસના અંકમાં અનુક્રમણિકામાં આપવામાં આવ્યો છે. પદ્યવિભાગમાં મુનિરાજ શ્રી રુચકવિજયજી, આચાર્ય વિજયપદ્મસૂરિજી, મુનિરાજ શિવાનંદવિજયજી, મુનિરાજ વિનયવિજયજી, મુનિરાજ જયાનંદવિજયજી, મુનિરાજ કીર્તિવિજયજી, મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી તથા મગનલાલ મોતીચંદ શાહ, હીરાચંદ ઝવેરચંદ શાહ, રાજમલ ભંડારી, અમરચંદ માવજીભાઇ શાહ, શ્રી બાલચંદ હીરાચંદ, પ્રો. હીરાલાલ રસિકદાસ, કવિ ભવાનભાઇ જેચંદભાઈ વિગેરે નામો અગ્રસ્થાન ભોગવે છે. ગદ્યવિભાગમાં તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કથાનુયોગ, સંશોધન, વ્યવહાર, નીતિ, ચરિતાનુયોગ વિગેરે વિધવિધ પ્રકારના લેખો મુનિમહારાજાઓ તથા વિદ્વાન લેખકોના મળેલા છપાવવામાં આવ્યા છે. તેમાં મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી, આચાર્ય વિજયકસ્તૂરસૂરિજી, આચાર્ય વિજયપદ્મસૂરિજી, મુનિરાજ શ્રી ન્યાયવિજયજી-ત્રિપુટી, મુનિરાજ પ્રિયંકરવિજયજી સં. પા. મુનિરાજ પુણ્યવિજયજી તથા શ્રી ડો. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, શ્રી ચોકસી મોહનલાલ, શ્રી મોતીચંદ કાપડીયા, શ્રી મનસુખ જેચંદભાઇ, શ્રી બાલચંદ હીરાચંદ, પ્રો. હીરાલાલ રસિકદાસ, શ્રી અગરચંદજી નાહટા, શ્રી રાજમલ ભંડારી, ડો. ત્રિભુવનદાસ લહેરચંદ, શ્રી જાદવજી તુલસીદાસ વિગેરે નામો અગ્રસ્થાન ભોગવે છે. અમે પણ વખતોવખત અમારો ફાળો આપીએ છીએ. સદ્ગત શ્રી કુંવરજીભાઇના લખેલા પ્રશ્નોત્તરો આપવામાં આવ્યા છે. માસિકને સમૃદ્ધ કરવાનો અને જૈનોને જ નહિ પણ જૈનેતરોને પ્રિય થઇ પડે તેવું વાંચન આપવાનો અમારો સતત પ્રયાસ છે. માસિકનું યોગ્ય મૂલ્યાંકન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારી મુસાફરી

## પ્રકરણ બીજું

લેખક.—દ્વિરેફ.

### એકાક્ષનિવાસ નગરના અનુભવો—

અવ્યવહારુ વતનમાંથી એક શુભ મુહૂર્તે અમે પ્રયાણ કર્યું. બહુ દૂર જવાને નહિ ટેવાએલા અમે નજીકમાં આવેલા એકાક્ષનિવાસ નગરમાં ગયા. અવ્યવહારુ વતન કરતાં અહિં ઓછી વસતી હતી. એટલે શરુઆતમાં એમ થયું કે અમને અહિં ગમી જશે. પણ વખત જતા જણ્યું કે અહિં પણ લગભગ પહેલા જેવી જ સ્થિતિ છે.

આ નગરમાં પ્રવેશ કરવાના મુખ્ય પાંચ દ્વારો છે. તે દ્વારની વહેંચણી એવા પ્રકારની છે કે જે દ્વારથી પ્રવેશ કર્યો હોય તે દ્વારથી નિકળ્યા સિવાય નગરના બીજા ભાગમાં જઇ શકાય નહિં. અર્થાત્ એ નગર એવી રીતે પાંચ વિભાગમાં વહેંચાએલું છે કે જે ભાગમાં તમારે રહેવું હોય તે તરફના દ્વારથી જ તેમાં પ્રવેશ કરવો જોઈએ.

નગરના પાંચ ભાગના નામ આ પ્રમાણે છે: ૧ પૃથ્વીકાય, ૨ જલકાય, ૩ અગ્નિકાય, ૪ વાયુકાય અને ૫ વનસ્પતિકાય. આ પાંચેમાં સૌથી મોટો વિભાગ પાંચમો છે.

જ્યારે અવ્યવહારુ વતનથી પ્રયાણ કરી એકાક્ષનિવાસ નગરે અમે આવ્યા ત્યારે કયા વિભાગમાં રહેવું ઠીક પડશે એ કાંઇ અમને ખબર ન હતી.

ખરી રીતે તો અવ્યવહારુ વતનમાં ઠીક કે એકાક્ષનિવાસમાં ઠીક એ કાંઇ અમે જાણતા જ ન હતા, પણ અમને અહિં લઇ આવવામાં મોટો ભાગ ભવિતવ્યતાએ ભજવ્યો છે.

---

અમારા વાચકો તરફથી થાય છે તે જાણી અમને સંતોષ અને ઉત્સાહ થાય છે. ઉચ્ચ કેળવણી વિદ્યાપીઠની ઉચ્ચ પદવી ધારણ કરનારાઓ તેમના તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, સંશોધન વિગેરે જ્ઞાનનો માસિક માટે લેખો લખી જનતાને લાભ આપે તેવી અમારી કાયમની માગણી છે.

અંતે ગયા વર્ષમાં હિંદુસ્તાનમાં કોમોકોમો વચ્ચે જાગેલ વૈરવૃત્તિ શમી જાઓ, સર્વત્ર શાંતિ પ્રસરો અને લોકો સુખી થાઓ એવી આ મંગળમય નવીન વર્ષના પ્રભાતે આપણી પરમાત્મા પાસે અંતઃકરણની પ્રાર્થના છે. ॐ શાંતિ શાંતિ.

**શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિતવ્યતા એ અમારી અનાદિની સહચરી. તેને તમે અમારી સહ-ધર્મિણી સ્ત્રી-પત્ની-અધિષ્ઠાત્રી-દિગ્દર્શિની-નાયિકા ઇત્યાદિ ગમે તે સમ્બન્ધે ઓળખી શકો છો.

અમે એવા તો તે સમયે તેને વશ હતા કે તે જે કહે તે અમારે કરવું જ જોઇએ. બેસો કહે તો બેસી જઇએ ને ઊભા થાવ તો ઊભા થઇએ.

એની સલાહ પ્રમાણે અમને લાગ્યું કે આ પાંચમા સૌથી મોટો વિભાગ સારો હશે ? એમ લાગવામાં અમારી જડતા પણ કામ કરતી હતી.

જગત્‌માં જડ આત્માઓ મોટું જોઇને ઘણી વખત લલચાય છે પણ મોટે ભાગે મોટું એ ખોટું નીકળે છે.

**બાદર સાધારણ વનસ્પતિકાય—**

અમે વનસ્પતિકાય વિભાગમાં પેઠા. તેમાં પેસતા તો કાંઇ વાર ન લાગી. કોઇ પણ સ્થળે પેસવું સહેલું છે, પણ પેઠા પછી નીકળવું જ મુશ્કેલ છે.

આ વિભાગ પણ બે ભાગમાં વહેંચાએલો છે. એક બાદર સાધારણ વનસ્પતિ-કાય નામે ઓળખાય છે ને બીજો પ્રત્યેક વનસ્પતિકાય નામે.

અવ્યવહારુ વતનથી આવતા મુસાફરોને સાધારણ વનસ્પતિકાય વિભાગમાં રાખવામાં આવે છે, કારણ કે તેઓની ગણત્રી સાધારણ કોટિમાં થાય છે.

આ સાધારણ વનસ્પતિકાય વિભાગમાં પણ ગલી, ગૂચી, બજાર, ચૌટા, ઘર, મકાન, દુકાન વગેરેનો કોઇ પાર જ નથી.

એ બધાનો અનુભવ કરવામાં અનન્તકાળ જાય છે ને એ અનુભવની કિંમત નહિં જેવી હોય છે. શરૂઆતમાં અમે 'ભૂમિકન્દ' નામના એક લત્તામાં રહ્યા. અત્યાર સુધી છૂપા રહેવાને ટેવાએલા એટલે અહિં શુસવાસ પસંદ કર્યો. ભૂમિમાં ઢંકાઇ રહીએ એટલે ઠીક એમ ધાર્યું હતું, પણ એવું ધાર્યું થોડું કામ આવે છે.

અમે ત્યાં ગયા તે પહેલાં અમારી જેવા અનન્તા આત્માઓએ એ સ્થાન રોકી રાખ્યું હતું, છતાં અમે પણ તે બધા ભેગા ભળ્યા. અમારી પહેલાં આવીને વસેલા અમારા સહચારીઓ ત્યાં અમને ઘણે કાળે મળ્યા. ઘણે કાળે સમ્બન્ધિઓ મળે ત્યારે આનન્દ થાય, થવો જોઇએ. પણ અહિં ઊલટું અમને દુઃખ થયું, કારણ કે તેઓ દુઃખી હતા અને અમે પણ દુઃખમાં હતા. દુઃખીયા મળે ત્યારે દુઃખ સિવાય બીજું આપે પણ શું ? નઠારી જીવનસ્થિતિ તો અમારી ચાલુ હતી તેમાં એક વધારો એ થયો કે અમે વ્યવહારમાં ઉપયોગી થવાની યોગ્યતા મેળવી એટલે વ્યવહારમાં વસતા અનેકના આઘાત-પ્રત્યાઘાતો, છેદનભેદન વગેરે અમારે સહવા પડતા. આ ભૂમિકન્દમાં પણ ઘણા પ્રકારો અમે અનુભવ્યા. કોઇ વખત સૂળાનાં કંદરૂપે તો કોઇ વખત સક્કરકન્દરૂપે ઇત્યાદિ વિવિધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુદર્શન શી રીતે કરાય ?

( લેખક.-શ્રી બાલચંદ હીરાચંદ—માલેગામ. )

એક નાના સરખા ગામની વાત છે. મંદિરમાં તિથિપર્વોના દિવસે ને વચમાં કોઈ કોઇ પ્રસંગે પ્રભુની અંગરચના તો થતી જ રહી હતી. બાદલુ, કટોરી, રેશમ, વરખ, વિગેરેનો સારો ઉપયોગ થતો હતો. એક ડોશીમાનો નિયમ હતો કે તેઓ દરરોજ સવારમાં વહેલા દર્શન કરવા જાય. આગલે દિવસે આંગી કરેલી હોય તેની સ્થિતિમાં જ તેઓને દર્શન કરવા ગમે. તેઓ ખુશી ખુશી થઇ જાય. ત્યાર પછી જ પખાળ વિગેરે થતી. એક દિવસે એવો બનાવ બન્યો કે-ડોશીમા મોડા પડયા કે-પૂજારીએ ઉતાવળમાં આંગી ઉતારી લીધી. ડોશીમાને ખૂબ ગુસ્સો આવ્યો. પૂજારી ઉપર તેઓ ગીન્નાયા અને કહેવા માંડયા—મારે તો આંગીના દર્શન કરવાના હતા અને તેં તો આંગી ઉતારી લીધી. હવે

---

પ્રકારના અનુભવો મેળવી અમે વાસ ફેરવ્યો ને આવ્યા ડુંગળી, લસણ, બટાટા, ગાજરના લત્તામાં. અહિં એવા લત્તાઓ પાર વગરના છે. ગણવા બેસીએ તો પાર આવે એમ નથી.

લીલું આદું, લીલી હળદર, લીલો કચુરો, નાના નાના અંકુર, નાના કુણા પત્ર, લીલફુલ, સેવાલ, બિલાડીના ટોપ, મોથ, વત્થુ, શેગ, પલ્યંક, કુણા ફળ, સણના પાન, થોર, કુંવારનું પાઠું, ગળો, વગેરે સ્થળે અમે વસ્યા. આ દરેક સ્થળે અનન્તા અમારા જાતિભાઇઓ સાથે અમારે રહેવાનું થતું. અમને ઓળખવા હોય તો સહેલામાં સહેલી સમજ એ છે. નસો બહાર ન જણાતી હોય, સાંધા છુપા હોય, પર્વ ઢંકાએલ હોય, સમાન ખંડ ભાંગવાથી પડતા હોય, રેસા કે તાંતણા ન હોય, છેદ્યા તોય વધીએ ને ઉગીએ. આ લક્ષણો જ્યાં હોય ત્યાં અમારો વાસ છે તે નિશ્ચયે જાણવું.

અમે એક સાથે અનન્તી સંખ્યામાં રહેતા, માટે અમારું 'અનન્તકાય' એવું સાર્થક નામ પણ પ્રચલિત હતું.

અમારા દુ:ખમાં સહાનુભૂતિ ધરાવતા કેટલાએક જ્ઞાનીઓ અમારા ઉપર ખૂબ દયા રાખતા. અમારી હિંસા કરવામાં પાપ છે કહી બીજાને દયા રાખવા સમજાવતા, પણ અજ્ઞાની આત્માઓ તો અમારી હિંસા કરતા. એ દુ:ખોને અમે અનન્તકાળ સુધી સહ્યાં. ન કહી શકાય-વ્યક્ત ન કરી શકાય એવાં છૂપા શાપો અમે અમને ખાનારા-દુ:ખ દેનારા ઉપર દીધા હશે કે તેઓ અમારા જેવા થશે. અમારા શ્રાપે કેટલાએ એવી સ્થિતિમાં મૂકાયા હશે. પછીથી અમે બીજા વિભાગમાં ગયા. ત્યાંના અનુભવો હવે પછી— (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગારે દર્શન કરવા શી રીતે? આ સાંભળી પૂજારી જરા વિચારમાં પડી ગયો. ડોશીમાને શાંત કરવાનો રસ્તો શોધી કાઢવાનો રહ્યો. તેણે તરત જ દોડી જઈ જે થાળીમાં આંગીનો સામાન ઉતાર્યો હતો તે થાળી ડોશીમા આગળ ધરી. તેણે ડોશીમાને કહ્યું—'લ્યો માજી આ રહી આંગી, કરો દર્શન.' ડોશીમા તો આભા જ બની ગયા! તેમને આંગીના જ દર્શન કરવાના હતા અને થાળીમાં આંગી નહી તો બીજું શું હતું? તેઓને વિચાર થયો કે હું શું આ કટોરીઓ અને બાદલાનું જ દર્શન કરવા આવું છું? પ્રભુની મૂર્તિના મારે દર્શન કરવાના હતા કે એ બાદલાના? મેં તો બહારની વસ્તુનું જ મહત્વ આંક્યું. અંતરંગ તો મારાથી દૂર જ રહ્યું. મારે તો પ્રભુના દર્શન કરવાના છે. આંગીના હું દર્શન કરું છું એમ માનવામાં મેં મોટી ભૂલ કરેલી છે. એવો વિચાર તેમને સ્ફૂરી આવ્યો. અને એમ ને એમ તેઓ પાછા ફરી ઘર ભેગા થઈ ગયા.

પણ ઉપરના પ્રસંગે તેમની આગળ મોટો કોયડો ઊભો કર્યો. તેમના મનને જરાએ શાંતિ રહી નહી. તેમણે એ ગુંચવણના ખુલાસા માટે એક સ્થિતપ્રજ્ઞ અને અનુભવી સદ્ગુરુ પાસે ખુલાસો મેળવવાનું નક્કી કર્યું. દૈવયોગે સંત મહાત્માનો યોગ પણ મળી આવ્યો. તેમની પાસે ડોશીમાએ પોતાની મુંઝવણ કહી બતાવી. ડોશીમાની જિજ્ઞાસુ વૃત્તિ ઓળખી ગુરુએ ખુલાસો કર્યો.

ડોશીમા, દરેક ભવ્ય જીવને પ્રભુના સાક્ષાત દર્શન થવાની જરૂર છે. અને એક વાર જો પ્રભુદર્શન શાસ્ત્રની રીતે થઈ જાય તો કામજ થઈ જાય, પણ એવું દર્શન તો કોઈ વિરલને જ સાંપડે છે. બાકી બીજાઓ તો પોતાની ચર્મચક્ષુને જ વશ રહી દર્શન થયાનો સંતોષ માને છે. એક વાર પ્રભુદર્શનનો લ્હાવો મળી જાય તો પછી આ સંસારમાં ભટકવાનું તેને માટે ઓછું જ થઈ જાય. સત્ય દર્શન એટલું દુર્લભ છે કે, ભલભલા સાધુઓ પણ તે મેળવી શકતા નથી. તેવા દર્શન મેળવવા માટે ઘણી મોટી પૂર્વ તૈયારીઓ કરવી પડે છે. અને તેવી તૈયારી કરવા પહેલા તરવારની ધાર ઉપર નાચવા કરતાં પણ વધુ કઠણ દિવ્યમાંથી પસાર થવું પડે છે. મનોભૂમિકા ધીમે ધીમે કેળવી શુદ્ધ કરવી પડે છે. વિકારો તેમાં અખંડ વિઘ્નો નાખ્યા જ કરે છે. તેને વખતસર ઓળખી, તેથી દૂર રહી, સત્ય ઓળખી રાખવું પડે છે. એવી તો અનંત કસોટીઓ ઉપર કસાયા પછી જ પ્રભુદર્શનની અપેક્ષા રાખી શકાય. એમ તો ભલભલા યોગી અને તપસ્વીઓને કોઈ કોઈ વખત પ્રભુદર્શનની ઝાંખી થઈ જાય છે, પણ તે ખરેખરી ક્ષણજીવી જ હોય છે. સાચું પ્રભુદર્શન થયા પછી તે અખંડ જ રહી પુદ્ગલથી પર એવા અંતરાત્માનો સતત સાક્ષાત્કાર થયા જ કરે છે. અને એવો સાક્ષાત્કાર એટલે જ મુક્તિ મળવાની છેલ્લી સ્થિતિ! આ તો ધ્યેયની વાત થઈ. પણ સામાન્ય માનવો તો હમેશ ચર્મચક્ષુનો જ ઉપયોગ કરે, તેમના માટે દિવ્ય નયન તો ઘણા આઘા જ છે, પણ ચર્મચક્ષુઓને એવી ટેવ પાડ્યા વિના દિવ્યનયન ક્યાંથી મળે?

શાસ્ત્રકારોએ બાલજીવો ઉપર પણ ઉપકાર કરવાના પવિત્ર હેતુથી જ સ્થૂળ ચક્ષુને ગમ્ય અને સામાન્ય મનુષ્યને સાધ્ય એવી રચના કરેલી છે. શાસ્ત્રકારો તો દયાના સાગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમા હતા. જ્ઞાનીઓ કરતાં તેમને કર્મસંગી અજ્ઞાની બાલજીવોની જ વધુ કરુણા હતી. માટે જ તેમણે સ્થાપનાની યોજના કરી મૂર્તિની ભાવના કાયમ રાખી. મૂર્તિના વિધાનમાં જેમ નાના બાળકોને હાથ ઝાલી એકેક અક્ષર ભણાવવામાં આવે છે અને મુખ્ય જે સાધ્ય એવું અક્ષર જ્ઞાન તે કરાવવાની યોજના તેમ ચર્મચક્ષુથી જ ફક્ત જોઈ શકે એવા બાલજીવોને અનેક જાતના સામાન્યબુદ્ધિને ગમ્ય થાય એવા વિધાનો કરી મૂકેલા છે. અને એમ કરી એકેક પગથિયે ચઢાવી મૂળ ધ્યેય જે આત્મદર્શન તે માટેના દિવ્ય ચક્ષુ પેદા કરવા માટે પ્રયત્ન કરાવવામાં આવે છે.

અંગરચનાથી ચર્મચક્ષુને આનંદ થાય છે. પુષ્પના મધુર ગંધથી અને ધૂપના આનંદ ગંધથી સ્વાભાવિક રીતે જ નાસિકાદ્વારા આત્માને અલ્પ પણ સાક્ષાત્કાર થાય છે. કર્ણ-મનોહર રાગોમાં ભાવવાહી સ્તવનો સંગીતની લહેરોમાં ગાયનદ્વારા મૂકી દેવાથી કર્ણસંપુટ તૃપ્ત થઈ આત્માનુભવનો યત્કિંચિત્ આનંદ મેળવી લે છે. આવા ઇંદ્રિયોને સુખદ પણ ત્યાગને પોષક વિચારતરંગોમાં આત્માને ઝીલવાની ટેવ પાડવા માટે જ કરુણાસાગર સંત પુરુષોએ મૂર્તિદ્વારા પ્રભુપૂજનની અત્યંત સુલભ અને પરિણામકારી યોજના આંકી મૂકી છે, તેનો ભવ્યજીવોએ ઉપયોગ કરી લેવો જોઈએ. જે સંત મહંતો પૂર્ણતા મેળવી અનુક્રમે ગુણસ્થાનોનો ક્રમ વટાવી ગયા છે અને અંતે મોક્ષના અધિકારી થએલ છે તેઓએ એ જ અનુક્રમનો લાભ લીધેલો છે. એ ચર્મચક્ષુગમ્ય પૂજન વિધાનમાંથી જ દિવ્ય-નયનના તેઓ અધિકારી બનેલા છે એ ધ્યાનમાં રાખી, પ્રારંભિક પ્રતિમાપૂજનની ઉપયોગિતા ધ્યાનમાં રાખી મુખ્ય ધ્યેય જે પ્રભુદર્શન તે પ્રાપ્ત કરી લેવા પ્રયત્નશીલ થવું જોઈએ. આપણી સામે આંગીની પાછળ પ્રભુપ્રતિમા છે તેમજ તે પ્રતિમાની પાછળ સાક્ષાત્ જગદુદ્ધારક પરમ પાવન ત્રિભુવન ધણી તીર્થંકર બેઠા છે એ ઓળખાણ આપણા-માં રહેલ આત્માને થવી જોઈએ. એ ધ્યેય નિરંતર નજર સામે રાખવાની જરૂર છે અને એ ધ્યેય જ્યાં સુધી નજર આગે ન હોય ત્યાં સુધી આપણે ચર્મચક્ષુનો જ ઉપયોગ કરી રહ્યા છીએ એ ધ્યાનમાં રાખી દિવ્ય નયનની શોધમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આ સંતમહાત્માની દિવ્ય અમૃતમય શીતળ વાણી સાંભળી ડાહીમાના વિચારમાં પૂર્ણ સુધારો થઈ ગયો. તેઓ મુનિમહારાજનો ઉપકાર માનતા અને પોતાની કૃતિમાં મહતો સુધારો કરવાના નિશ્ચયની જાગૃતિ સાથે ત્યાંથી પાછા ફર્યા. આ વિચારથી અમારા વાચક બંધુઓને અને બહેનોને પણ કાંઈક બોધ મળે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષાભિનંદન.

( શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ. )

( મંદાક્રાંતા. )

સેવાભાવી રુચિર કવિતા જ્ઞાન વિજ્ઞાનકારી,
વર્ણો રૂડા વિવિધ સરલાલંકૃતી કાવ્યધારી;
બોધે આત્મા પરમરસને શાસ્ત્ર સિદ્ધાંત ખાસ,
માસે માસે વિમલ વધતો જૈનધર્મ પ્રકાશ. ૧

લેખો રૂડા વિવિધ વિષયો વાચનીયાનુકૂલ,
પ્રેરે સારા નિતનિત નવા દાખવે ધર્મમૂલ;
બોધે સર્વે વિશદ મહિમા વિસ્તરે જે સુવાસ,
માસે માસે વિમલ વધતો જૈનધર્મ પ્રકાશ. ૨

આચાર્યો ને મુનિવર ભરે લેખ બોધામૃતેથી,
જ્ઞાની શાસ્ત્રી કવિવર લખે પંડિતો લેખિનીથી;
ચર્ચા રૂડી રુચિર સુકથા વાર્ણવે સત્ય ખાસ,
માસે માસે વિમલ વધતો જૈનધર્મ પ્રકાશ. ૩

અધ્યાત્માને સરસ પિરસે નિત્ય પક્વાન્ન વાની,
તૃપ્તિ આપે સરલ મનને શાંતિ આનંદખાની;
વાંચો વાંચો નવનવ ઘણા લેખ વિસ્તાર ખાસ,
માસે માસે વિમલ વધતો જૈનધર્મ પ્રકાશ. ૪

વર્ષારંભે સમુચિત વધો મંગલાનંદ વૃંદ,
કાવ્યામોદે રુચિર ભરજો આત્મ આનંદ છંદ;
સાહિત્યજ્ઞો વિમલકૃતિ હો વાચકો સૌખ્યવાસ,
માસે માસે વિમલ વધતો જૈનધર્મ પ્રકાશ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ આપણા પ્રાચીન જ્ઞાન–ભંડારો* ॥

(લેખકઃ—પં. લાલચંદ્ર ભગવાન્ ગાંધી, પ્રાચ્યવિદ્યામંદિર-વડોદરા.)

**વિદ્યાપ્રેમી બંધુઓ અને બહેનો!**

આજે 'આપણા પ્રાચીન જ્ઞાન–ભંડારો' તરફ આપનું લક્ષ્ય ખેંચવા ઇચ્છું છું. છાપ-ખાનાનો યુગ આવતાં આપણાં એ પ્રાચીન પુસ્તકાલયોનો કેટલોક ભાગ પ્રકાશમાં આવ્યો છે પરંતુ મહોળો ભાગ હજી અપ્રકાશિત અવસ્થામાં છે; એના અવલોકન, સંશોધન, પ્રકાશન, પઠન–પાઠન સંબંધમાં બહુ થોડા સાક્ષરો રસ ધરાવે છે. વિદેશી કેળવણીથી વિભૂષિત થયેલા ઘણા પ્રોફેસરો પણ આ સ્વદેશના ઉત્તમ સંગ્રહના ઉદ્ધાર તરફ ઉદાસીનતા સેવતા જણાય છે. દક્ષિણ હિંદની અપરિચિત તામિલ, તેલુગુ આદિ લિપિમાં નહિ પરંતુ નાગરી લિપિમાં લખેલાં પ્રાચીન ભાષાનાં પુસ્તકો વાંચવામાં પણ તેમને કંટાળો આવતો જણાય છે. એથી પોતાના પૂજ્ય પૂર્વજોના વિશાલ જ્ઞાનથી તેઓ સ્વયં વંચિત રહે છે, અને બીજાઓને તેનો વાસ્તવિક લાભ આપી શકતા નથી. પ્રગત–સ્વાતંત્ર્યના વર્તમાન યુગમાં વિશ્વ-વિદ્યાલયના વ્યવસ્થાપકોએ અને અન્ય વિદ્વાન્ વિચારકોએ આ પ્રાચીન જ્ઞાનભંડારોનાં સંરક્ષણ, સંશોધન, પ્રકાશન, પઠન–પાઠનાદિ માટે વિશિષ્ટ પ્રબંધ કરવો જરુરી છે.

શ્રીમંતોના ધનભંડારો અને રાજા–મહારાજાઓના રત્નભંડારો કરતાં આ જ્ઞાન-ભંડારો અધિક મહત્ત્વ ધરાવે છે, એમ કહેવામાં અતિશયોક્તિ ન ગણાય; કારણ કે આપણા બહુબુદ્ધિશાલી પૂર્વજોના વિશાલ બુદ્ધિવૈભવો એમાં ભરેલાં છે. તેમના મહોળા અનુભવો, અત્યુત્તમ પવિત્ર જીવનસંસ્કારો એમાં ઉતરેલા છે. માનવ–કલ્યાણના, વિશ્વ–મૈત્રીના અમૂલ્ય ઉપદેશો એમાં સમાયેલા છે. આર્ય અને અનાર્ય સંસ્કૃતિનાં પૃથક્કરણો કરી શકાય તેવાં સાધનો તેમાં છે. ભારતવર્ષનો ભવ્ય ઇતિહાસ રચી શકાય તેવી સાધન–સામગ્રી તેમાં મળી આવે છે. ધાર્મિક, આધ્યાત્મિક, વ્યવહારિક, સામાજિક ઉન્નતિના સન્માર્ગો એમાં સૂચવાયેલા છે. ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર અને મોક્ષશાસ્ત્રના રહસ્યમય સૂક્ષ્મ વિચારો એમાં દર્શાવેલા છે. ભાષાશાસ્ત્ર–પ્રાચીન ષડ્ભાષાનાં વ્યાકરણો, તર્કશાસ્ત્ર પર રચાયેલા મત–મતાન્તરમાં તત્ત્વજ્ઞાન, ભિન્ન ભિન્ન દર્શનોનાં દષ્ટિબિંદુઓ તથા સાહિત્ય, સંગીત અને વિવિધ કળાઓનાં વિજ્ઞાન એમાં છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશી ભાષાઓમાં રચાયેલું ગદ્ય પદ્ય પુષ્કળ સાહિત્ય એમાં જોવામાં આવે છે. ઐતિહાસિક કાવ્યો, રસિક રાસો, લોકકથા, વિનોદ–વાર્તાઓ, નાટકો, કોશો, છંદશાસ્ત્ર, અલંકાર, વૈદ્યક, જ્યોતિષ, સામાન્ય નીતિ, રાજનીતિ ચર્ચતા ગ્રંથો, સુભાષિત–સૂક્તિ સંગ્રહો, સ્તુતિ–સ્તોત્રાદિ વિવિધ વિષયના સેંકડો ગ્રંથો સદ્ભાગ્યે અદ્યાવધિ એમાં સુરક્ષિત રહ્યા છે. પ્રાચીન લેખન–કલાના અને ચિત્ર–કલાના અનેક નમૂના એમાં જોવા મળે છે.

* તા. ૯–૧૦–૪૭ ગુરુવારે રાત્રે વડોદરા રેડિયો પરથી થયેલ પ્રવચન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોઢ-બે હજાર વર્ષો પહેલાં બહુબુદ્ધિશાલી, સ્મરણશક્તિશાલી ગુરુશિષ્યો પુસ્તકોની અપેક્ષા રાખ્યા વિના મુખ-પાઠથી જ જ્ઞાન અર્પણ, ગ્રહણ કરવાનો વ્યવહાર ચલાવતા હતા પરંતુ પાછળથી વિષમ કાલ-દોષથી તેવી શક્તિ ક્ષીણ થતાં, મતિમંદતા થતાં, પુસ્તકો વિના જ્ઞાન ગ્રહણ, ધારણ કરવું અશક્ય જણાતાં, પ્રવચન-જ્ઞાનનો વિચ્છેદ થતો અટકાવવા માટે તે સમયના દીર્ઘદર્શી મહાપુરુષોએ આવશ્યકતા વિચારી પુસ્તકો લખવા-લખાવવાની પ્રવૃત્તિ પ્રચલિત કરી. શ્રમણ ભગવાન્ મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ મા વર્ષે-વિક્રમ સંવત્ ૫૧૦ મા વર્ષે વલ્લભીપુર (વળા)માં-સૌરાષ્ટ્રમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પ્રમુખ જૈન સંઘે તીર્થંકર-ગણધરોના વાણીરૂપ જૈન સિદ્ધાંતને પુસ્તકારૂઢ કર્યો હતો. નાગાર્જુન, સ્કંદિલાચાર્ય વગેરેએ પણ એ કાર્ય બજાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો એવા ઉલ્લેખો મળે છે.

લેખનકળા તો પ્રાચીન સમયથી જાણીતી હતી. મુનિગણને પઠન-પાઠનનું તથા શ્રાવક-શ્રાવિકાદિ વર્ગને પુસ્તકો લખાવવાનું, લખાવી યોગ્ય અધિકારીઓને અર્પણ કરવાનું, વ્યાખ્યાતા ઉપદેશક આચાર્યો-શ્રમણો પાસેથી સાંભળવાનું તેમનું ઉચિત કર્તવ્ય સમજાવ્યું. તેમના દ્રવ્યવ્યયને ૭ ક્ષેત્રો-સ્થાનોમાંના આ ઉપયોગી કર્તવ્ય તરફ વાળવામાં આવ્યો. પરમજ્ઞાન મેળવવાના ઉત્તમ સાધનરૂપ એ પોથીઓનું કપૂર, ધૂપ, વસ્ત્ર આદિ દ્વારા પૂજન-સન્માન કરવાનું સમજાવવામાં આવ્યું. જ્ઞાનના આરાધન માટે કા. શુક્લ પંચમી-જ્ઞાનપંચમી તિથિનો વિશેષ વિધિ સૂચવ્યો, પુસ્તકોના સંરક્ષણ માટે યોગ્ય ઉપાયો કરવામાં આવ્યા. ઉત્તમ કુશલ લિપિજ્ઞ વિદ્વાન્ લેખકોની પસંદગી કરવામાં આવી. મજબૂત ઉત્તમ ટકાઉ શ્રી તાડપત્રો લખવાની પાકી સરસ કાળી શાહી વગેરે સાધન-સામગ્રી મેળવવામાં આવી. એવી રીતે પ્રાચીન જ્ઞાનભંડારોની વ્યવસ્થા થઈ.

એ પ્રમાણે વિક્રમની છઠ્ઠી સદીથી શરૂ થયેલાં દસમી સદી સુધીમાં લખાયેલાં પુસ્તકો હાલમાં દૃષ્ટિગોચર થતાં નથી. કાલ-ક્રમે જીર્ણ-શીર્ણ થઈને, ખંડિત-ત્રુટિત થઈને, રાજ્યોની ઉથલ-પાથલ, આસમાની-સુલતાની જેવા કારણે ધર્મદ્વેષથી અથવા આકસ્મિક વિપ્લવો-ઉપદ્રવોને લીધે આપણી એ પ્રાચીન પુસ્તક સંપત્તિ નષ્ટ થઈ જણાય છે. કેટલાંય પુસ્તકો આપણી બેદરકારીથી વિનષ્ટ થયાં હશે, કેટલાંય પુસ્તકો ભેજવાળી જમીન-હવાના કે ઉધેઈ વગેરે જંતુઓના ભોગ બન્યા હશે, કેટલાંય પુસ્તકો જલશરણ અને અગ્નિશરણ થયાં હશે. કેટલાંય ઉત્તમ પુસ્તકો જર્મની, યુરોપ, અમેરિકા આદિ પરદેશોમાં પહોંચી ગયા જણાય છે. વિવિધ ઉપદ્રવોમાંથી સદ્‌ભાગ્યે જે બચ્યાં છે, અથવા દીર્ઘદર્શી કુશલ સંરક્ષક મહાશયોએ સમયસૂચક દક્ષતાથી જેને બચાવ્યાં છે, તેની રક્ષા અને સાર-સંભાળ આપણે કરવાની છે. જ્યાં સુધી જાણવામાં આવ્યું છે, અને જેના પર સંવત-નિર્દેશ થયો છે તેવાં નાગરી લિપિમાં લખાયેલાં તે તાડપત્રીય પુસ્તકો સંવત્ એક હજાર વર્ષ પછીનાં જણાય છે. જેસલમેરના એક ભંડારમાં રહેલ મહેશ્વરસૂરિએ રચેલ પંચમી-માહાત્મ્યનું પ્રા. પુસ્તક સં. ૧૦૦૯ માં લખેલું છે, જેમાં આપણી પ્રાચીન કહેવતો, સુભાષિતો સાથે કથાઓમાં ગુંથાયેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તકો લખાવવામાં, અને તેના સંરક્ષણમાં તથા પઠન, પાઠન, વ્યાખ્યાનાદિ દ્વારા તેનો સદુપયોગ કરવા-કરાવવામાં પરોપકારપરાયણ જૈનાચાર્યો-જૈન શ્રમણોના સદ્-પદેશે મોટો ભાગ ભજવ્યો છે, એ આપણે ભૂલવું ન જોઇએ. તેઓએ માત્ર જૈનાગમોના જ પુસ્તકો લખાવ્યાં નથી, પરંતુ ઉપયોગી દરેક વિષયનાં પુસ્તકો લખાવ્યાં છે. તેના સંગ્રહો અનેક સ્થળે કરાવ્યા છે. તેમણે જ્ઞાન-કોશો, ગ્રંથ-ભંડારો કરાવી, તેની રક્ષાના વિદ્યા-વૃદ્ધિના પ્રબંધો કર્યા કરાવ્યા હતા, નવા ગ્રંથોની રચના કરી હતી. પ્રાચીન ગ્રંથો પર વ્યાખ્યાનાદિ રચ્યાં હતાં, પઠનપાઠન, વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિ ચાલુ રાખી હતી, એ રીતે સમાજ પર એમનો મહાન્ ઉપકાર છે.

કાશ્મીરમાં પ્રાચીન સરસ્વતી-ભંડાર હતો, ઉજ્જયિની (માળવા), પાટલિપુત્ર (પટણા) વગેરે સ્થળો પ્રાચીન સમયમાં વિદ્યાનાં કેન્દ્રો હતાં. માળવાના મહારાજા સાહસાંક વિક્રમાદિત્ય, મુંજ અને ભોજના વિદ્યા-પ્રેમે, અનેક ગ્રંથોની રચના કરી-કરાવી હતી, અનેક વિદ્વાનોને ઉત્તેજન, પ્રોત્સાહનો મળ્યાં હતાં, એટલે ત્યાં જ્ઞાનભંડારો સંભવિત છે પરંતુ અહિંયા આપણે ગૂજરાતના-ખાસ કરીને પાટણના જ્ઞાનભંડારોનો વિચાર કરીએ.

ગૂજરાતના મહારાજાઓના અને મંત્રીશ્વર, મહામાત્ય જેવા અધિકારીઓના પ્રેરણા-પ્રોત્સાહને ગૂજરાતની સાહિત્ય સમૃદ્ધિને પ્રશંસનીય રૂપમાં વિકસાવેલી જણાય છે. સોલંકી સુવર્ણ-યુગમાં સેંકડો ગ્રંથોની રચના તથા લેખનાદિ-પ્રવૃત્તિ પુષ્કળ પ્રમાણમાં થયેલી જણાય છે. લાખો શ્લોકોવાળું તે સમયનું સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સાહિત્ય મળી આવે છે. મહારાજા કર્ણદેવ, સિદ્ધરાજ જયસિંહ, પરમાર્હત્ કુમારપાળ, ભીમદેવ, વીસલદેવ, અર્જુનદેવ, સારંગદેવ વગેરે મહારાજાઓના સંસ્મરણો તેમાં છે. તથા તેમના અધિકારી મંત્રીઓ વગેરેનો નામ-નિર્દેશ પણ ત્યાં કરવામાં આવેલ છે. મહામાત્ય મુંજાલ, આશુક, ગાંગિલ, સંપત્કર(સંતય), દંડનાયક વોસરિ, મહામાત્ય સહદેવ, સામંત, પૃથ્વીપાલ, મંત્રીશ્વર વસ્તુપાલ, તેજપાલ, નાગડ, દંડનાયક અભયદ, વિજયસિંહ, આહ્લાદન, રાજભંડારી પદ્મ, મહામાત્ય મધુસુદન, માલદેવ, વગેરેનાં અધિકાર સમયમાં વિક્રમની બારમી સદીથી ચૌદમી સદી સુધીમાં લખાયેલાં તાડપત્રીય પુસ્તકો એમાં ધ્યાન ખેંચે તેવાં છે.

છેલ્લા લગભગ બારસો વર્ષ પછીના ગ્રંથોમાં ગ્રંથકારોનો વિશેષ પરિચય મળી આવે છે. જૈન ગ્રંથકારોની ઐતિહાસિક શૈલી એમાં લક્ષ્ય ખેંચે છે. અંતિમ પ્રશસ્તિમાં તેઓએ પોતાની ગુરુપરંપરા દર્શાવી હોય છે. ગ્રંથ કયા નગર-સ્થાનમાં રહી રચ્યો ? કયા રાજાના રાજ્યમાં રચ્યો ? કયા વર્ષ, માસ, તિથિમાં રચ્યો ? કોની પ્રાર્થના-પ્રેરણાથી રચ્યો ? તેમાં સંશોધનાદિ સહાયતા કોણે કરી ? પ્રથમાદર્શ પુસ્તક કોણે લખ્યું ? ગ્રંથનું શ્લોક-પ્રમાણ કેટલું છે ? વગેરે ઐતિહાસિક આવશ્યક હકીકતો એમાં જણાવી હોય છે.

ઘણા ગ્રંથોના અંતમાં ગ્રંથ લખાવનાર સદ્‌ગૃહસ્થનાં કુટુંબનો, તેમનાં સત્કાર્યોનો ઐતિહાસિક પરિચય સંસ્કૃત પ્રાકૃત પ્રશસ્તિના રૂપમાં અથવા પદ્ય ઉલ્લેખમાં આપેલો

For Private And Personal Use Only

હોય છે. એમાં ઘણાં જ્ઞાતિ-વંશોનો ઇતિહાસ સમાએલો છે, જેનો સંબંધ ગૂજરાત, મારવાડ, મેવાડ, માલવા આદિ દેશો સાથે છે.

૧૮ દેશી ભાષાઓના ઉલ્લેખવાળી પ્રાકૃત કુવલયમાળા-કથા, શક સંવત ૭૦૦, (વિક્રમ સંવત્ ૮૩૫ માં દાક્ષિણ્યચિન્હસૂરિ અપરનામ ઉદ્યોતનાચાર્યે જાબાલિપુર(જાલોર)માં રણહસ્તી વત્સરાજ મહારાજાના રાજ્યમાં ઋષભજિનમંદિરમાં રચી હતી.

ધર્મોપદેશમાલાનું વિવરણ જયસિંહસૂરિએ સં. ૯૧૫ માં ભોજદેવ (પ્રતીહાર) મહારાજાના રાજ્યમાં નાગપુરમાં જિનાયતનમાં રચ્યું હતું. એ વગેરે ગ્રંથોમાં વિસ્તૃત ઐતિહાસિક પ્રશસ્તિઓ છે. ગૂજરાતની પ્રાચીન રાજધાની અણહિલવાડ પાટણના સંસ્થાપક વનરાજ ચાવડાના સમયનું કોઇ પુસ્તક જણાતું નથી. તેમ છતાં પાટણ પાસેના ગંભૂતા-(ગાંભૂ)માં શકસંવત ૭૮૪ માં શીલાંકાચાર્યે રચેલી આચારાંગસૂત્રની વૃત્તિ આપણું ધ્યાન ખેંચે છે.

એજ ગંભૂતા(ગાંભૂ)માં જિનાલયમાં શક સંવત્ ૮૨૧ માં સિદ્ધાંતિક યક્ષ-દેવના શિષ્ય પાર્શ્વમુનિએ યતિપ્રતિક્રમણસૂત્રની અને શ્રાવકપ્રતિક્રમણસૂત્રની વૃત્તિ રચી હતી. તેમાં શીલવાન્ સુબહુશ્રુત શ્રાવકજંબુની સહાયતા સૂચવી છે.

મહારાજા **દુર્લભરાજ**ની રાજસભામાં ચૈત્યવાસીઓ સાથેનાં વાદમાં વિજય મેળવનાર જિનેશ્વરસૂરિને ત્યાંના સિદ્ધાંત પુસ્તકોમાંનાં દશવૈકાલિક સૂત્ર વગેરે ઉપયોગી થયાં હતાં. તેમણે તથા તેમનાં અનુયાયી વિદ્વાનોએ રચેલાં પુસ્તકો મળી આવે છે.

મહારાજા ૧ લા **ભીમદેવ** અને વિમલ દંડનાયકનાં સંસ્મરણો તે સમય પછીનાં પુસ્તકોમાં મળી આવે છે.

મહારાજા ૧ લા **કર્ણદેવ**ના રાજ્ય-સમયમાં રચાયેલ સં. ૧૧૪૧ નું પ્રા. મહાવીર ચરિત્ર વગેરે મળે છે. સં. ૧૧૩૮ માં લખાયેલ વિશેષાવશ્યક ટીકા, તથા સં. ૧૧૪૬ માં મહામાત્ય મુંજાલના અધિકાર-સમયમાં લખાયેલ યોગદૃષ્ટિસમુચ્ચય વગેરે મળે છે. અભયદેવ-સૂરિએ નવ અંગોની વૃત્તિ-વ્યાખ્યાઓ મુખ્યતયા પાટણમાં સં. ૧૧૨૦ થી ૧૧૨૮ માં રચી હતી. ગૂજરાતના શ્રદ્ધાળુ શ્રીમંત શ્રાવકોએ તે પુસ્તકો લખાવ્યાં હતાં. કપડવંજના વાયટકુલના જજ્જનાગના સુપુત્ર સિદ્ધ અને વીરનાગ જેવા સદ્‌ગૃહસ્થોએ સકલ આગમનાં પુસ્તકો લખાવ્યાં હતાં.

પરમ પ્રતાપી ગૂર્જરેશ્વર **સિદ્ધરાજ જયસિંહની** અભ્યર્થનાથી આચાર્ય શ્રી હેમચંદ્રે 'સિદ્ધહેમચંદ્ર', નામનું સર્વાંગસુંદર પંચાંગવાળું શબ્દાનુશાસન રચ્યું હતું. જેનું સન્માન સિદ્ધરાજે પટ્ટહસ્તિ પર સ્થાપી નગર-પર્યટન કરાવી કર્યું હતું, તે પ્રસંગના ચિત્રવાળી પ્રતિ પણ મળી આવે છે. સિદ્ધરાજે ૩૦૦ જેટલા સારા લેખકો રોકી તેની સેંકડો નકલો કરાવી અભ્યાસીઓને અર્પણ કરી હતી, રાજ-ભંડારમાં સ્થાપી હતી તથા દેશ-વિદેશમાં મોકલાવી વિદ્યા-પ્રચાર કર્યો હતો. આચાર્ય શ્રી હેમચંદ્રે અને સમકાલીન બીજા અનેક આચાર્યોએ તથા વિદ્વાનોએ તે સમયમાં રચેલા હજારો શ્લોકોવાળા સંસ્કૃત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાકૃત ઉપયોગી ગ્રંથો મળી આવે છે. સં. ૧૧૮૭ માં સિદ્ધ નામના સદ્‌ગૃહસ્થે પોતાના તથા સ્વજનોના શ્રેય માટે લખાવીને જિનાગમ-પુસ્તકોનો સંગ્રહ ચંદ્રેશ્વરાચાર્યને નિરંતર વાંચવા, સંશોધન કરવા સમર્પણ કર્યો હતો.

પરમાર્હત્ **કુમારપાલ ભૂપાલની** પ્રાર્થનાથી આચાર્યશ્રી હેમચંદ્રે રચેલા યોગશાસ્ત્ર, વીતરાગસ્તોત્ર અને ત્રિષષ્ટિશલાકા પુરુષ-ચરિત્રની અનેક પોથીઓ લખાવી હતી. મહારાજાને પઠન-પાઠનની પોથી સોનેરી શાહીથી લખાયેલી હતી. મહારાજા કુમારપાલે ૨૧ જ્ઞાનભંડારો કરાવ્યાનું સૂચન પાછળના ગ્રંથોમાં છે. સં. ૧૨૯૪ માં લખાયેલી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રની પોથીમાં આચાર્યશ્રી હેમચંદ્રને પ્રાર્થના કરતા કુમારપાલના ચિત્રો જોવામાં આવે છે.

કુમારપાળના સમયમાં રચાયેલા અને લખાયેલા ઘણા ગ્રંથો વિદ્યમાન છે. સિદ્ધરાજ ને કુમારપાલ બંનેના સચિવ પોરવાડ મંત્રીશ્વર પૃથ્વીપાલની પ્રાર્થનાથી હરિભદ્રસૂરિએ પ્રા. અપભ્રંશ ભાષામાં રચેલાં ૨૪ તીર્થંકરોનાં ચરિત્રોમાંથી ત્રણ ચરિત્રો મળી આવે છે, જેમાં ગૂજરાતનાં એ મહામંત્રિ-વંશની ઐતિહાસિક પ્રશસ્તિ મળે છે.

આચાર્ય શ્રીહેમચંદ્રના પટ્ટધર મહાકવિ રામચંદ્રસૂરિનો ૧૨ રૂપકો પર વિવેચન કરતો નાટ્યદર્પણ ગ્રંથ ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાળા( નં. ૪૮ )માં પ્રસિદ્ધ થઇ ગયેલ છે, તેમાં સૂચવેલાં ૩૫ જેટલાં નાટકો ક્યાંય જોવામાં આવતાં નથી. નલવિલાસ નાટક વગેરે પ્રસિદ્ધ છે.

પાટણના કુમાર-વિહારમાં વસંતોત્સવ-પ્રસંગે ભજવવા માટે દેવચંદ્રમુનિએ 'ચંદ્રલેખા વિજય' નામનું પ્રકરણ રૂપક રચ્યું હતું. તે કુમારપાલની પરિષદ્‌ના ચિત્ત-પ્રસાદ માટે રચાયેલું હતું. તે અપ્રકટ છે.

**અજયદેવના** રાજનીતિજ્ઞ પરમાર્હત્ મોઢજ્ઞાતિના મંત્રીશ્વર યશઃપાલે થારાપદ્ર(થરાદ)ના કુમાર-વિહાર જિનમંદિરમાં ભજવવા માટે મોહરાજ-પરાજય નામનું આધ્યાત્મિક નાટક રચ્યું હતું. જે કુમારપાલના ઐતિહાસિક યશસ્વી જીવન સાથે સંબંધ ધરાવે છે, તે ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાલા( નં. ૯ )માં પ્રકાશિત થઇ ગયેલ છે.

સોમપ્રભાચાર્યે વિ સં. ૧૨૪૧ માં રચેલ કુમારપાલ-( જિનધર્મ )-પ્રતિબોધ નામનો વિસ્તૃત ગદ્ય-પદ્ય પ્રાકૃતગ્રંથ કુમારપાલના પ્રીતિપાત્ર કવિ સિદ્ધપાલના સ્થાનમાં રહી રચ્યો હતો, જે ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાળા( નં. ૧૪ )માં પ્રસિદ્ધ થયેલ છે, તેજ આચાર્યનો બીજો ગ્રંથ સુમતિનાથ-ચરિત્ર હજી અપ્રસિદ્ધ છે.

**ભીમદેવ**( બીજા )ના રાજ્ય-સમયમાં સં. ૧૨૫૪ માં વઢવાણમાં દેવસૂરિએ રચેલ પ્રા. પદ્મપ્રભચરિત્ર પ્રાપ્ત થાય છે. સં. ૧૨૫૫ માં સોમમંત્રીની પ્રેરણાથી પૂર્ણભદ્રસૂરિએ રાજનીતિના વિવેચન માટે જીર્ણ પંચતંત્રને શુદ્ધ કર્યું હતું, જે જર્મનીના ડૉ. હર્ટલના સુપ્રયત્નથી પ્રકાશમાં આવ્યું છે.

સુપ્રસિદ્ધ મંત્રીશ્વર **વસ્તુપાલે** નરનારાયણાનંદ મહાકાવ્ય રચ્યું હતું, જે ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાળા( નં. ૨ )માં પ્રકાશિત થઇ ગયું છે. તેના અંતિમ સર્ગમાં તેણે પોતાનો પરિચય આપ્યો છે. તેમની પ્રાર્થના-પ્રેરણાથી નરચંદ્રસૂરિએ કથારત્નસાગર, નરેન્દ્રપ્રભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂરિએ અલંકાર-મહોદધિ, બાલચંદ્રસૂરિએ કરુણાવજ્રાયુધ નાટક જેવા અનેક ગ્રંથોની રચના કરી હતી. મંત્રીશ્વર વસ્તુપાલ તેજપાલનાં યશસ્વી જીવનને ઉદ્દેશી તેમના સમકાલીન અનેક મહાકવિઓએ મહાકાવ્યો, નાટકો અને પ્રશસ્તિઓ રચી હતી. કવિ સોમેશ્વરે કીર્તિકૌમુદી, અરિસિંહે સુકૃતસંકીર્તન, ઉદયપ્રભસૂરિએ સુકૃતકીર્તિકલ્લોલિની અને ધર્માભ્યુદયમહાકાવ્ય ( સંઘપતિ-ચરિત ), બાલચંદ્રસૂરિએ વસંતવિલાસ મહાકાવ્ય, જયસિંહસૂરિએ હમ્મીરમદમર્દન નાટક અને પ્રશસ્તિ, તથા નરચંદ્રસૂરિ અને નરેન્દ્રપ્રભસૂરિએ રચેલી પ્રશસ્તિઓ ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાલાદ્વારા પ્રકાશમાં આવેલ છે. એ વાંચતાં વિચારવાથી એ મંત્રીશ્વરોની અસાધારણ રાજનીતિજ્ઞતા, અદ્ભુત દક્ષતા અને અપૂર્વ કર્તવ્યપરાયણતાનો ખ્યાલ આવે છે. એમની અનુપમ સેવા ગૂજરાતના ગૌરવરૂપ હોઈ ગૂજરાતીઓને અને બીજાઓને પણ પ્રેરણા આપે તેવી છે. મંત્રીશ્વર વસ્તુપાલે સિદ્ધાંતની પ્રતિઓ સોનેરી શાહીથી અને બીજી ચાલુ શાહીથી તાડપત્રો અને કાગળો પર લખાવી હતી, એમણે ૧૮ ક્રોડ દ્રવ્યના વ્યયથી ૭ સરસ્વતીભંડારો સ્થાપ્યા હતા–એવા ઉલ્લેખો પાછળના ગ્રંથોમાં છે.

થરાદ, સાચોર, વટસર, સંખેડા વગેરેમાં જિનપ્રતિમા, જિનમંદિરો આદિ ધર્મકાર્યો કરનાર ગલ્લકકુલના દંડનાયક **આહ્લાદને** પાટણમાં વાસુપૂજ્ય પ્રભુના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેણે નાગેંદ્રગચ્છના વર્ધમાનસૂરિદ્વારા સં. ૧૨૯૯ માં વાસુપૂજ્યચરિત્ર મહાકાવ્ય રચાવ્યું હતું.

**વીસલદેવ**ના વિશ્વાસપાત્ર વાયટવંશી રાજભંડારી **પદ્મ**ની પ્રાર્થનાથી વાયટગચ્છના મહાકવિ અમરચંદ્રે, 'પદ્માનંદ,' અપરનામવાળું જિનેંદ્ર-ચરિત્ર મહાકાવ્ય રચ્યું હતું, જે ગા. પ્રા. ગ્રંથમાળા( નં. ૫૮ )માં પ્રકટ થયું છે.

અર્જુનદેવ, સારંગદેવ વગેરે રાજાઓના સમયમાં લખાયેલાં સચિત્ર કલ્પસૂત્ર વગેરે પુસ્તકો મળી આવે છે. પેથડશાહે ૭ જ્ઞાન-ભંડારો સ્થાપ્યા હતા, બીજા પણ અનેક શ્રીમાનોએ અનેક પુસ્તકો લખાવી સદ્ગુરુઓને સમર્પણ કર્યાં હતાં.

મુસ્લીમ યુગમાં–**અલાવદીન**ના સમયમાં ઠક્કુર ફેરુ જેવા વિદ્વાને રચેલ વાસ્તુસાર શિલ્પગ્રંથ તથા બીજા કેટલાક ગ્રંથો મળે છે. **અલપખાન**ના સમયમાં રચાયેલ સમરારાસ અને શત્રુંજયતીર્થોદ્ધાર (નાભિનંદન-જિનોદ્ધાર) પ્રબંધ જેવા ગ્રંથો મળે છે. સુલતાન **મહમ્મદ તુગલક**થી સન્માનિત થયેલા જિનપ્રભસૂરિની તથા તેમના અનુયાયી વિદ્વાનોની નાની મોટી અનેક કૃતિઓ પ્રાચીન જ્ઞાન-ભંડારોમાં જોવામાં આવે છે.

વિક્રમની પંદરમી સદીમાં થયેલા માંડવગઢ( માલવા )ના **આલમ્મસાહિ**ના પ્રીતિપાત્ર મંત્રી શ્રીમાલી **મંડને** રચેલા કાવ્યમંડન, અલંકારમંડન, ચંપૂમંડન, સંગીતમંડન, કાદંબરીમંડન, શૃંગારમંડન, સારસ્વતમંડન જેવા અનેક ગ્રંથો, તથા તેના બંધુ ધનદે રચેલાં શૃંગાર, નીતિ, વૈરાગ્ય-શતકો મળે છે.

વિક્રમની બારમી સદીથી લઈ ૧૫ મી સદીના અંત સુધીમાં ૮ ઇંચથી ૩૬ ઇંચ સુધીની લંબાઈવાળાં તાડપત્રો પર લખેલા પુસ્તકો અને પાટણ જૈન ભંડારના કેટલૉગ-( ૧ લા ભાગ )માં ( ગા. પ્રા. ગ્રં. નં. ૭૬ માં ) દર્શાવ્યાં છે. કાગળ પર લખેલાં પુસ્તકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૧૩૫૭-૫૮ ની મળી આવે છે. સં. ૧૪૧૮ માં ખાદીના મજબૂત કપડા પર લખાયેલું ધર્મવિધિવૃત્તિનું ૭૯ પાનાનું પુસ્તક ખાસ ધ્યાન ખેંચે છે. તેની લંબાઈ ૨૫ ઇંચ અને પહોળાઈ ૫ ઈંચ છે. પાટણમાં સંઘનો ભંડાર હવે નવીન તૈયાર થયેલા શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં સુરક્ષિત રાખવામાં આવ્યો છે. કપડા પર ચિત્રાંકિત પંચતીર્થી આકાર-પટ પણ મળે છે.

વિક્રમની ૧૪ મી સદીમાં સ્થપાયેલા સોમતિલકસૂરિના ગ્રંથભંડારને તેમના અનુયાયી-ઓએ પાછળથી સમૃદ્ધ કર્યો હતો. વિક્રમની પંદરમી સદીમાં થઈ ગયેલા તપાગચ્છાધિપતિ દેવસુંદરસૂરિએ અને તેમના અનુયાયી સોમસુંદરસૂરિ વગેરેએ સેંકડો પુસ્તકો લખાવીને પાટણના જ્ઞાનકોષમાં સ્થાપન કર્યાં હતાં એવા ઉલ્લેખો મળે છે.

જ્ઞાનારાધનના આ ઉપયોગી કર્તવ્યમાં ગુજરાતની વિવિધ જ્ઞાતિની જૈન મહિલાઓનો-શ્રમણીઓનો અને શ્રાવિકાઓનો મોટો ફાળો છે. ૬૦ જેટલી મહિલાઓનાં નામો ત્યાં દર્શાવ્યાં છે, જેમણે પોતાના અને સ્વજનાદિના શ્રેય માટે હજારો શ્લોકવાળાં પુ લખાવી પઠન, પાઠન, વ્યાખ્યાનાદિ સદુપયોગ માટે ગુરુઓને તથા મહત્તરા, પ્રવર્તિની આદિને સમર્પણ કર્યાં હતાં તથા જ્ઞાનભંડારોમાં પણ ભેટ કર્યાં હતાં. ક્ષત્રિય ચાલુક્ય-કુળના વિજયપાલની રાણી નીતાદેવીનું નામ તેમાં સ્મરણ કરવા યોગ્ય છે, જેણીએ વિજય-કુમાર મુનિના સદુપદેશથી હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્રને લખાવ્યું હતું.

પાટણ, જેસલમેર જેવા અનેક સ્થાનોમાં જ્ઞાનભંડારો સ્થપાવનાર, ખરતરગચ્છના અધિપતિ રાજ-માન્ય જિનભદ્રસૂરિના સદુપદેશથી ખંભાતના શ્રીમાન ધરણા શાહે પંદરમી સદીના ઉત્તરાર્ધમાં લખાવેલાં ૫૦ જેટલાં પુસ્તકો જેસલમેર (કિલ્લા મારવાડ)ના મોટા ભંડારમાં વિદ્યમાન છે. જેસલમેરના ભેનાશાહે કલ્પસૂત્રના પુસ્તકોને સોનાનાં અક્ષરે લખાવ્યાં હતાં. તથા થારૂશાહ જેવા અનેક સદ્‌ગૃહસ્થોએ જૈનાગમ પુસ્તકો લખાવ્યાં હતાં.

શહેનશાહ અકબરે પોતાના પ્રીતિપાત્ર પં. પદ્મસુંદર પાસેથી પ્રાપ્ત કરેલ વિશાળ પુસ્તક-સંગ્રહ જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિને અત્યાગ્રહથી બહુ સન્માનપૂર્વક ભેટ કર્યો હતો. પાતશાહ અકબરના પરમ પ્રીતિપાત્ર અને ૨૩ વર્ષો સુધી સહવાસમાં રહી અનેક સત્કાર્યો કરાવનાર મહોપાધ્યાય ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્રની મહત્ત્વની અનેક કૃતિઓ આપણને પ્રાચીન જ્ઞાન-ભંડારોમાંથી મળી આવે છે. પાટણના જ્ઞાન-ભંડારોમાંના કેટલાક પુસ્તકો મુંબઈ, પુના-ભાંડારકર ઓ. રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ વગેરે સ્થળે ગયાં છે.

ગૂજરાતમાં વડોદરા રાજ્યનું મહત્ત્વ છે કે તેને આંગણે પાટણના ૧૬ પ્રાચીન જ્ઞાન-ભંડારો ઉપરાંત વડોદરા, છાણી, ડભોઈ જેવા સ્થળોમાં જૈન જ્ઞાનમંદિરોમાં અને રાજ્ય-કીય પ્રાચ્ય વિદ્યામંદિરમાં હજારોની સંખ્યામાં હસ્તલિખિત પુસ્તકોનો ઉપયોગી સંગ્રહ સુરક્ષિત છે. તેનાં વર્ણનાત્મક સૂચિપત્રો પ્રકટ થતાં વિશેષ મહત્ત્વ જણાશે. આશા રાખીએ કે તેમાંના અલભ્ય દુર્લભ મહત્ત્વનાં પુસ્તકોની ફોટો-કોપી થાય, અને પ્રશંસનીય પદ્ધતિથી તેનું સંશોધન, પ્રકાશન થાય, તેનો પઠન-પાઠનાદિ સદુપયોગ થાય.

—[ બરોડા-રેડિયોના સૌજન્યથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આમ શામાટે ?

શ્રી દીપચંદભાઇ જીવણલાલ શાહ, બી. એ. બી.એસ.સી.

એક વખત એક સંતપુરુષ જંગલમાં રહેતો હતો અને દિવસ અને રાત્રિનો ઘણો ખરો ભાગ ઇશ્વરભજન અને ધ્યાનમાં પસાર કરતો હતો. એક દિવસ તેના મનમાં શંકા ઉત્પન્ન થઇ કે આ દુનિયામાં લુચ્ચાઓ ફાવે છે અને ભલા માણસો હેરાન થાય છે. ત્યાર પછી તે સારી રીતે ઇશ્વરનું ભજન અને ધ્યાન કરી શકતો નહી અને કોઇ કોઇ વાર તેનું મન ઇશ્વરના અસ્તિત્વ પરથી ચલાયમાન થઇ જતું હતું. તેની આવી સ્થિતિ જોઇને એક ફિરસ્તો યુવકનો વેશ ધારણ કરીને તે સંતની ઝુંપડીમાં આવ્યો અને તેને નમસ્કાર કરીને તેની પાસે બેઠો અને થોડા દિવસ સુધી સંતની સેવા કરી. એક વખત તે સંતનો વિચાર દુનિયામાં મુસાફરી કરવાનો થયો તેથી તે યુવકને પોતાની સાથે મુસાફરીમાં આવવાને માટે આગ્રહ કર્યો. તે યુવકે હા પાડી તેથી બન્ને જણા મુસાફરી કરવા માટે નીકળ્યા. થોડા દિવસ પછી તેઓ પુર્ણિમાની રાત્રિએ એક ભવ્ય મકાનના દરવાજા પાસે આવી પહોંચ્યા. તેઓએ બહાર ઊભેલા સિપાઇને કહ્યું કે-અમારો અહીં બે ત્રણ દિવસ રહેવાનો વિચાર છે. તારો માલિક અમને રહેવાને માટે જગા આપશે ? તે સિપાઇએ કહ્યું કે-અમારો માલિક બહુ જ ભલો માણસ છે. અને સાધુ-સંતોને માટે ખાસ એક ઓરડો રાખેલ છે. વળી તે તેમની આગતાસ્વાગતા પણ કરે છે. આ સાંભળીને તેઓ બન્ને જણા ત્યાં ઉતર્યા. ઘરનો માલિક તેમને બીજા દિવસની સાંજે મળવા આવ્યો અને કહ્યું કે-હે મહાનુભાવો, આજે તમારા દર્શનથી મારા નેત્રો પવિત્ર થયા છે. મારો આજનો દિવસ ધન્ય દિવસ છે કે તમોએ મારા મહેલને પાવન કર્યો અને વાતચિતમાં કહ્યું કે-મેં રૂ ૧૫૦૦૦) (ત્યાગી ભવન બાંધવા માટે આપેલ છે, રૂ. ૨૫૦૦૦) મારી જ્ઞાતિના ગરીબ માણસોને મદદમાં આપેલ છે, રૂ. ૩૦૦૦૦) ધર્મશાળા બંધાવવામાં આપેલ છે અને રૂ. ૫૦૦૦૦) ખર્ચીને એક સંઘ કાઢેલ છે. તેની વાતચિત સાંભળીને સંતપુરુષ બહુ જ રાજી થયો. બીજા દિવસની સાંજે જ્યારે તેઓ તે મહેલમાંથી બહાર નીકળ્યા ત્યારે તે જુવાન માણસે એક રૂપાનો પ્યાલો જે ત્યાં પડ્યો હતો તેને સંતની દેખતા પોતાની ઝોળીમાં મુકયો. સંત જુવાનની આવી રીતભાત જોઇને ખીજાયો પણ કાંઇ બોલ્યો નહિ. થોડા દિવસ પછી ફરતાં ફરતાં તેઓ રાત્રિના દશ વાગે એક કંજુસ માણસના ભવ્ય મહેલ પાસે આવ્યા. તે વખતે અમાસ હતી, વરસાદ ખૂબ વરસતો હતો, ઠંડા પવનના સુસવાટા વાતા હતા. તેઓએ દરવાજા પાસે ઊભા રહીને બૂમો પાડી કે-હે ભાઇ ! અમે મુસાફર છીએ, બે દિવસથી કાંઇપણ ખાધું નથી, વળી અમારા કપડાં ભીના થયેલ છે અને ટાઢથી ધ્રુજીએ છીએ માટે ઇશ્વરને નામે એક રાત્રિ અમને આશરો આપ. લગભગ એક કલાક પસાર થયા પછી તે કંજુસે પોતાના મહેલનો દરવાજો ઉઘાડ્યો અને ઢોર રાખવાના સ્થાન પાસે તેમને સુવાને કહ્યું. મચ્છરો અને ભૂખને લીધે તે બન્નેને ઊંઘ આવી નહિ. સવારમાં તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંજુસે તેમને સુકા રોટલા ખાવાને માટે આપ્યા અને બપોર પછી ચાલ્યા જવાનો હુકમ કર્યો. જ્યારે બન્ને જણા તે મહેલમાંથી બહાર નીકળ્યા ત્યારે જુવાન માણસે જે રૂપાનો પ્યાલો ભલા માણસના ઘરમાંથી ચોર્યો હતો તે પ્યાલો આ કંજુસના ઘરમાં મુક્યો. આ જોઈને સંતપુરુષ બહુ જ આશ્ચર્ય પામ્યો પણ કાંઈ બોલ્યો નહિ. થોડા દિવસની મુસાફરી કર્યા પછી તેઓ એક બીજા નગરીમાં આવ્યા. આખો દિવસ રખડ્યા પણ કોઈએ તેમને ઉતારો આપ્યો નહિ. સાંજે એક વિધવા બાઈ મજૂરી કરીને પોતાને ઘેર પાછી ફરતી હતી તેણીએ આ બન્નેને બહુ જ થાકેલા જોઈને પોતાના ઘરના એક ખૂણામાં ઉતારો આપ્યો અને ખાવાનું આપ્યું. મળસ્કું થયું ત્યારે તેઓએ ત્યાંથી ઉપડવાની તૈયારી કરી તે વખતે જુવાન માણસે એક કોશ લઈને તે વિધવા બાઈના ઓરડાની ભીંતમાં એક બાકોરું પાડ્યું અને સંતપુરુષની પછવાડે ચાલવા લાગ્યો. આ જોઈને તે સંતપુરુષને સંતાપ થયો પણ કાંઈ બોલ્યો નહિ. થોડા દિવસ મુસાફરી કર્યા પછી તેઓ એક મહેલના દરવાજા પાસે દરવાને તરતજ દરવાજો ઉઘાડ્યો અને તેમને ઉતારો આપ્યો. તે મહેલના માલિકને વર્ષ થયાં હતાં તોપણ એક સંતાન ન હતું તેથી તે દરરોજ ઈશ્વરનું ભજન અને ધ્યાન કરતો અને સાધુસંતોની સેવા-ચાકરી કરતો હતો. બે મહિના પહેલાં તેની સંભાળના ફળરૂપે તેને ત્યાં એક સુંદર પુત્રનો જન્મ થયો હતો. તે બન્ને તેને ત્યાં બે દિવસ રહ્યા અને ત્રીજે દિવસે, બપોરના ચાર વાગે બીજે ગામ જવાને માટે બહાર નીકળ્યા ત્યારે તે જુવાન પુત્રના ઘોડીયા પાસે ગયો અને તેનું ડોકું મરડી નાંખ્યું. આ જોઈને તે સંતપુરુષને બહુ દુઃખ લાગી આવ્યું પણ તે વખતે તે કાંઈ પણ બોલ્યો નહિ પણ જ્યારે તેઓ મહેલથી દૂર ગયા કે તરતજ તે સંતે જુવાનનું ડોકું પકડીને કહ્યું કે-હે જુવાન! અત્યાર સુધી તારા કૃત્યો માટે એક પણ શબ્દ બોલ્યો નહિ પણ જ્યારે તેં તે પુત્રનું ડોકું મરડી નાંખ્યુ ત્યારે મને ઘણું જ દુઃખ થયું છે અને જેવો તે સંતપુરુષ તેને મારવા જતો હતો તે વખતે તે યુવાન એક તેજસ્વી દેવ તરીકે તેની સામે ઉભો રહ્યો અને બોલ્યો કે-હે સંતપુરુષ! તારી શંકા દૂર કરવાને માટે હું સ્વર્ગમાંથી આવેલ છું અને ઉપરના બનાવો માટે સંતના મનનું સાંત્વન કરવા માટે નીચે પ્રમાણે જવાબ આપ્યો.

મેં શા માટે રૂપાનો પ્યાલો ચોર્યો તેનું કારણ સાંભળ. તે શેઠ કીર્તિ માટે દાન કરતો હતો તેથી તેના દાનનું જે ફળ મળવું જોઈએ તેના હજારમા ભાગનું તેને ફળ મળતું હતું. તેના દાનનું સંપૂર્ણ ફળ તેને મળે તે માટે મેં રૂપાનો પ્યાલો ચોર્યો હતો કે જેથી તે ગમે તેવા મનુષ્યને દાન આપે નહિ પણ માણસની પરીક્ષા કરીને યોગ્ય માણસને યોગ્ય દાન આપે અને ગુપ્ત રીતે દાન આપે.

. મેં શા માટે રૂપાનો પ્યાલો કંજુસ માણસના મહેલમાં મુક્યો તેનું કારણ સાંભળ. પ્યાલાના લાભથી તે કંજુસ માણસનું હૃદય પીગળે અને તે કંજુસ સાધુસંતોની બહુ સેવા કરે કે જેથી તે કંજુસની મૃત્યુ પછી સદ્ગતિ થાય.

મેં શા માટે તે વિધવાબાઈના મકાનમાં બાકોરું પાડ્યું તેનું કારણ સાંભળ. તે બાઈ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર કૌશલ્ય

(૨૬૮)

'આ તો રગશીઆ જિંદગી છે'

એમ આપણે બોલીએ છીએ અને બોલીને નિસાસા મૂકીએ છીએ.
પણ એવું બોલતાં આપણે શા માટે નિ:સાસવું જોઇએ?
ચાલુ રગશીઆ આકાશમાં પ્રકાશ કરતો ચાલુ રગશીઓ સૂર્ય
ચાલુ દિવસને બનાવે છે.

અરે યાર શું? આ તે સવારે ઊઠ્યા, દાતણપાણી કર્યાં, ચાદૂધ પીધાં, નાસ્તાં કર્યાં, દુકાને ગયા, વેપાર કર્યા, નોકરી કરી–આ તો રગશીયું જીવન છે, આમાં કાંઇ નથી દમ કે નથી હામ; નથી નામ કે નથી કામ; આવ્યા તેવા ચાલ્યા જશું અને દુનિયાના પાંચ માણસ જાણશે પણ નહિ કે આપણે આવ્યા હતા. નહિ કોઇ રડે કે નહિ કોઇ સ્મારક કરે; નહિ કોઇ છાજિયા લે કે નહિ કોઇ રાજિયા લે; નહિ કોઇ સંભારે કે નહિ કોઇ નોંધ લે; નહિ કોઇ કકળાટ કરે કે નહિ કોઇ ધોખો કરે! આ તે કાંઇ જીવતર છે! આ તે કાંઇ અવતાર છે! આ તે કાંઇ વહેવાર છે! ન કાંઇ હાણ્યા, ન કાંઇ માણ્યા, ન કોઇએ ગાયા! આવા રગશીયા જીવતરમાં તે માલ શો? અને મોજ શી?

કાંઇ દુનિયામાં નામ કાઢ્યું હોય, કાંઇ મોટાં ભાષણો આપી સભા રંજન કરી હોત, કાંઇ મોટાં આશ્રમો બાંધી દુનિયાના તાપ હર્યા હોત, કાંઇ મોટાં સદાવ્રતો, અનાથાશ્રમો બાંધી નામના કરી હોત, કાંઇ જ્ઞાનની પરબો માંડી હોત,

---

બહુ જ કષ્ટ વેઠીને પોતાનું અને પોતાના કુટુંબનું ભરણ પોષણ કરતી હતી. તે બાઇનો ધણી પાંચ વર્ષ પહેલાં અચાનક હૃદયના રોગને લીધે ગુજરી ગયેલ હતો. તેણે છુપી રીતે ધનનો એક ડાબલો પોતાની ભીંતમાં સંતાડ્યો હતો. આ ધનની તે વિધવા બાઇને ખબર ન હતી તેથી મેં તેણીના ઓરડામાં બાંકોરું પાડ્યું કે જેથી જ્યારે તેણી સવારમાં તે ભીંતનું સમારકામ કરાવે ત્યારે તેણીને તે ધન જડે અને પોતાનું અને પોતાના કુટુંબનું જીવન સુખરૂપ શાંતિથી પસાર કરે.

મેં શામાટે પુત્રને મારી નાંખ્યો તેનું કારણ સાંભળ. પુત્ર જન્મ્યા પછી તે વૃદ્ધ માણસ ઈશ્વરનું ભજન અને ધ્યાન પડતું મુકીને તેના પુત્રની સેવા-ચાકરી કરતો હતો તેથી તે મનુષ્યને ઈશ્વરભક્તિ તરફ ફરી વાર વાળવા માટે મેં તેના પુત્રને મારી નાંખ્યો તેથી હે સંતપુરુષ! દુનિયામાં જે બનાવો બને છે તે બનાવો તરફ શંકાની નજરથી જોઇશ નહિ પણ મનુષ્યનું જીવન ઉચ્ચ બનાવવા માટે અને સુખી કરવાને માટે આવા બનાવો બને છે. જો મનુષ્ય પોતાની વિચારશક્તિથી તે બનાવોને તેના સત્ય સ્વરૂપમાં વિચારીને અમલ કરે તો જરૂર મનુષ્ય ઉન્નત બને છે અને તેની સદ્ગતિ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઇ ફંડફાળાઓ ચાલુ કર્યાં હોત, કાંઇ મોટી પ્રયોગશાળામાં શોધખોળો કરી નામ દીપાવ્યાં હોત, કોઇ દુનિયાને માર્ગદર્શન કરાવી ગીતમાં અમર થયા હોત, કાંઇ અન્નસત્રો માંડી ભૂખ્યાને આશ્રય આપ્યા હોત તો તો જુદી વાત ! આ રગશીઆ જીવનમાં માલ શો છે ? આને તે જીવતર કહેવાય ?

આ સર્વ ખોટા વિચાર છે. જે કાર્ય કરવાનું હોય તે ફરજરૂપે કરવાની ટેવ હોય, પ્રમાણિક જીવન જીવવાનો આદર્શ હોય, આદર્શને અનુરૂપ જીવન હોય અને સંયમ, ત્યાગ, બ્રહ્મચર્ય, શાંતિ, સંયમ અને નિઃસ્પૃહ વૃત્તિએ જીવાતું હોય તો તેમાં નામ કાઢવાની વાત ન ઘટે. નામ કોઇનાં રહ્યાં નથી અને રહેવાનાં નથી. દરેક માણસ મોટો થવાને સરજાયલો નથી, મોટો કહેવરાવવાને બંધાયલો નથી, નામ કાઢવા માટે કામ કરવા રચાયલો નથી; પણ કર્તવ્ય કરવાને, સાદાઇથી જીવવાને, સંયોગાનુસાર પરહિત કરવાને અને પોતાની જાતને ભૂલી જઇ ... બનતું કરવાને બંધાયલો છે. સાદી કે **રગશીઆ જીવનની ચિંતા** ... **જેવું નથી.** આપણી આસપાસ દિવસ, સૂર્ય, રજની, ચંદ્ર સર્વ રગશીઆ જ છે, પણ એ ખરા પ્રકાશમય છે. એને ' સાદા ' કહેવાય નહિ. આપણા જીવનને સાદું બનાવવામાં કે ચાલુ બનાવવામાં ગભરાવા જેવું નથી. એ જેવું હોય, જ્યાં હોય ત્યાં એને **ઉન્નત, નિર્ભય** અને **વિકારહીન** બનાવવામાં મોજ છે, પ્રગતિ છે, આદર્શ તરફ પ્રયાણ છે અને એ સાદું કે રગશીયું હોય છતાં એ સાચું જીવન છે, મૂલ્યવાન જીવન છે, અમૂલ્ય જીવન છે.

મૌક્તિક

A commonplace life, we say, and we sigh;
But should we sigh as we say ?
The commonplace sun in the commonplace sky
Makes up the Commonplace day.

Soosan Coolidge ( 25-9-1945 )

## જ્ઞાન-માહાત્મ્ય.

તન ધન ઠકુરાઇ, સર્વ એ જીવને છે,
પણ એકજ દુહિલું, જ્ઞાન સંસારમાં છે;
ભવજળનિધિ તારે, સર્વ જે દુઃખ વારે,
નિજ પરહિત હેતે, જ્ઞાન તે કાં ન ધારે ?
જવ ઋષિ ઇક ગાથા, બોધથી ભય નિવાર્યો,
ઇક પદથી ચિલાતી-પુત્ર સંસાર વાર્યો;
શ્રુત ભણત સુજ્ઞાની, માસતુસાદિ આવે,
શ્રુતથી અભય હાથે, રોહિણો ચોર નાવે.

—સૂક્તમુક્તાવલિ.

For Private And Personal Use Only

## નૂતન વર્ષ.

વિ. સં. ૨૦૦૪ ના નૂતન વર્ષની શુભેચ્છા દર્શાવવા તેમજ પરસ્પર જુહાર કરવા આપણી સભાના સભાસદો સભાના મકાનમાં કાર્તિક શુદિ ૧ બુધવાર સવારના સારી સંખ્યામાં આવ્યા હતા અને સભાના પ્રમુખ **શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી** તરફથી થયેલ દુગ્ધપાનને ઈન્સાફ આપી શુભેચ્છાપૂર્વક સૌ વિખરાયા હતા. આ નિમિત્તે જ્ઞાનપૂજન પણ કરવામાં આવેલ હતું.

---

## જ્ઞાનપંચમી મહોત્સવ અને ટીપાર્ટી.

દર વર્ષની માફક સભાના મકાનમાં કાર્તિક શુદિ પાંચમ મંગળવારના રોજ સુંદર રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યું હતું. કાર્તિક શુદિ ૬ બુધવારના રોજ પ્રાતઃકાળમાં નવ વાગે શ્રી જ્ઞાન સમીપે પંન્યાસ શ્રી રૂપવિજયજીકૃત પંચ-જ્ઞાનની પૂજા ભણાવવામાં આવી હતી તેમજ બપોરના ચાર કલાકે **શા. પ્રભુદાસ જેઠાભાઈ** તરફથી થતા ટી-પાર્ટીનો લાભ સભાસદોએ સારી સંખ્યામાં લીધો હતો.

આ પ્રસંગે શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશીએ પ્રાચીન જ્ઞાનભંડારો અને જ્ઞાનપંચમીને અંગે ટૂંકું પ્રવચન કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે-પ્રાચીનકાળમાં શાસ્ત્રનું પઠનપાઠન ગુરૂ શિષ્યો વચ્ચે મુખથી થતું હતું, તે જ્ઞાન યાદદાસ્તથી આપવામાં આવતું હતું, અને સ્મૃતિદ્વારા ગ્રહણ કરવામાં આવતું હતું. પાછલા કાળમાં સ્મરણશક્તિ મંદ થતાં જ્ઞાન પુસ્તકારૂઢ કરવામાં આવ્યું હતું. અને તે પુસ્તકારૂઢ થયેલ જ્ઞાનને જાળવવા પૂરતી વ્યવસ્થા કરવામાં આવતી હતી. તાડપત્રો ઉપર પાકી કાળી શાહીથી સુંદર અક્ષરોથી લખાણ થતું હતું. અને પ્રતો સાચવવા જ્ઞાનભંડારો બાંધવામાં આવતા હતા અને તેમાં ભેજ કે ઉધાઈ ન આવે તેવી ચીજો મૂકવામાં આવતી હતી. આવા ભંડારો જેસલમેર, પાટણ, ખંભાત જેવા શહેરમાં મોજુદ છે. જ્ઞાનભંડારોમાં સુરક્ષિત રાખેલ ગ્રંથોને અવારનવાર તપાસવામાં આવતા હતા, અને જ્ઞાનપંચમી-કારતક શુદ ૫ નો જ્ઞાન પંચમીનો દિવસ એક પર્વ તરીકે નક્કી કરવામાં આવ્યો હતો. તે દિવસે જ્ઞાનભંડારોના પુસ્તકો બહાર કાઢી પ્રકાશમાં મૂકવામાં આવતા હતા, અને તેનું પૂજન કરવામાં આવતું હતું. આપણા પૂર્વાચાર્યોએ આ પ્રમાણે જ્ઞાન સાચવવા અને તેની વૃદ્ધિ કરવા સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી, જેને પરિણામે પ્રાચીન કેટલાક ગ્રંથો લભ્ય રહ્યા છે. આ અંકમાં વડોદરા રેડીઓ ઉપરથી આપણા સુપ્રસિદ્ધ વિદ્વાન પંડિત લાલચંદ્ર ગાંધીએ એક વિદ્વત્તાભરેલ પ્રવચન કરેલ, તે પ્રકાશિત કરવામાં આવ્યું તે સંભાળથી વાંચી-વિચારી જવા સૌ ભાઈઓને વિનંતિ છે.

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપીલ.

"શ્રી જૈનધર્મ પ્રકાશ" માસિકને છાપકામ તેમજ કાગળની મોંઘવારીને કારણે ઘણી જ ખોટ સહન કરવી પડે છે. આ ખોટને પહોંચી વળવા માટે, લગભગ નવીં વખતનાં "શ્રી જૈનધર્મ પ્રકાશ સહાયક ફંડ" શરૂ કરવામાં આવ્યું છે. ગત વર્ષમાં અમને જોઇએ તેવો સહકાર પ્રાપ્ત થયો નથી. આ વર્ષમાં અમોએ શુભ આશા સાથે તે ફંડ જારી રાખ્યું છે, તો દરેક ગ્રાહક તથા વાચક બંધુને વિજ્ઞપ્તિ છે કે-તેઓ પોતાનો ઉદાર હાથ લંબાવી "પ્રકાશ" ને યથાશક્તિ સહાય આપે. આ માસમાં જે સહાયની રકમ મળી છે, તે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૫૦) | શ્રી જૈન શ્વેતાંબર સંઘ | વઢવાણ કેમ્પ |
| ૧૦) | શાહ પરશોત્તમદાસ કાળીદાસ | અમદાવાદ |
| ૬) | શાહ વીરચંદ ભાઇચંદ ખુશાલ | મુંબઇ |
| ૫) | દોશી જેસંગભાઇ સોમાભાઇ | કપડવંજ |
| ૩)= | મનાલાલ લીલાચંદ પટવારી | નારાયણગઢ |
| ૩) | શાહ મનસુખલાલ ચુનીલાલ | સોનગઢ |
| ૨) | શાહ શાંતિલાલ ફતેચંદ | ભાવનગર |
| ૧) | શાહ આશાભાઇ ખેમચંદ | બરોડા |
| ૮૦)= | | |

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખક —મોક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડો. બુહલરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દષ્ટિબિંદુઓ રજૂ કર્યા છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના, વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો. લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## ખેદકારક સ્વર્ગવાસ.

ભાવનગરનિવાસી બંધુ શાહ મઢુલાલ લશ્કરભાઇ, સત્તાવન વર્ષની વયે ગત આસો શુદિ ૪ ના રોજ સ્વર્ગવાસી થયા છે. સદ્ગત શાંત અને સ્વભાવે મિલનસાર હતા. શારદા પ્રેસના તેઓ જૂના ભાગીદાર હતા અને શારદા પ્રેસમાં આપણું માસિક છપાતું ત્યારે તેઓ તેને સુંદર દેખાડવા સારો પ્રયાસ કરતા. સદ્ગત સભાના લાઇફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી, તેઓના પુત્ર કેશવલાલ વિગેરેને દિલાસો આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# અમારે ત્યાંથી મળી શકતા ગ્રંથોની સૂચિ.

| | | | |
|---|---|---|---|
| કર્મગ્રંથ ભાગ ભા. ૧-૨-૩-૪ | ૧૨-૮-૦ | [illegible]કુલક સંગ્રહ | ૦-૪-૦ |
| ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ ૧ થી ૯ | ૧૧-૦-૦ | સત્તરભેદી પૂજા | ૦-૪-૦ |
| ઉપદેશપ્રાસાદ ભા. ૧-૩-૪-૫ | ૯-૮-૦ | [illegible] સંગ્રહનું ભાષાંતર | [illegible] |
| [illegible] તપ વિધિ | ૧-૮-૦ | પ્રકરણરત્ન સંગ્રહ ભાગ ૨ | ૦-૬-૦ |
| જૈન કથારત્નકોશ ભાગ છઠ્ઠો | ૧-૮-૦ | શ્રી આદિજિન વિનતિ | ૦-૨-૦ |
| યોગશાસ્ત્ર ભાષાંતર | ૧-૮-૦ | પ્રાકૃત ભાષાની ઉપયોગિતા | ૦-૨-૦ |
| હિત-શિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ | તીર્થંકર નામાવલી | ૦-૨-૦ |
| તત્ત્વાર્થ સૂત્ર ( પં. સુખલાલજી ) | ૨-૦-૦ | ગચ્છાચાર પયન્નો | ૦-૪-૦ |
| નિત્ય સ્વાધ્યાય સંગ્રહ | ૩-૦-૦ | ચારે દિશાની તીર્થમાળા | ૦-૪-૦ |
| મહાવીર પ્રભુની ભક્તિ | ૩-૦-૦ | સપ્તસંધાન મહાકાવ્ય | ૪-૦-૦ |
| [illegible]નું સુખ | ૧-૦-૦ | સાહિત્યશિક્ષામંજરી | ૧-૮-૦ |
| [illegible] ચરિત્ર | ૦-૧૨-૦ | વૈરાગ્યશતક ( સવિવેચન ) | ૧-૦-૦ |
| [illegible] સૂત્ર | ૧-૪-૦ | આદિજિન પંચકલ્યાણક પૂજા | ૦-૪-૦ |
| શ્રીચંદ્રકેવળી ચરિત્ર | ૧-૪-૦ | ગિરનારજી તીર્થ પરિચય | ૦-૪-૦ |
| વર્ધમાન દેશના ભાગ ૨ | ૨-૦-૦ | ઇંદુદૂત-( સટીક ) | ૨-૦-૦ |
| ધનપાળ પંચાશિકા | ૦-૪-૦ | નયવાદ | ૦-૩-૦ |
| સિદ્ધાંત[illegible]-ભાગ ૨ | ૦-૪-૦ | શિવભૂતિ | ૦-૪-૦ |
| અધ્યાત્મ બારાખડી | ૦-૩-૦ | આત્મવાદ | ૦-૧૦-૦ |
| ભાવલોકપ્રકાશ | ૦-૨-૦ | વિચારસૌરભ | ૦-૩-૦ |
| જૈન વિવાહ વિધિ | ૦-૨-૦ | શ્રાવક યોગ્ય આચારવિચાર | ૦-૩-૦ |
| પાક્ષિક અતિચાર | ૦-૪-૦ | પ્રશમરતી પ્રકરણ | ૦-૩-૦ |
| સુમિત્ર ચરિત્ર | ૦-૪-૦ | યુગાદિ દેશના | ૦-૧૨-૦ |
| બાર ભાવનાની સજ્ઝાય | ૦-૨-૦ | દુહા સંગ્રહ | ૦-૪-૦ |
| પં. શ્રી વીરવિજયજી જીવનચરિત્ર | ૦-૨-૦ | સિંદુર પ્રકરણ | ૦-૨-૦ |
| ઉપદેશસપ્તતિકા | ૦-૪-૦ | ચૈત્રી પુનમના દેવ | ૦-૨-૦ |
| સામાયક સૂત્ર | ૦-૩-૦ | સાદા ને સરલ પ્રશ્નોત્તર | |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ | ભાગ ૨, ૩, ૪, ( દરેકના ) | ૦-૫-૦ |

આ ઉપરાંત બીજા પુસ્તકો પણ અમારે ત્યાંથી મળી શકશે.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ૦ શ્રી કુંવરજીભાઈ આણંદજી.

આગામી પોષ શુદિ ૧૧ તેમનો તૃતીય સંવત્સરી-દિન છે.

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

પુસ્તક ૬૪ મું ] શ્રી જૈન ધર્મ પ્રસારક સભા [ અંક ૨-૩ જો

માર્ગશીર્ષ—પોષ ભાવનગર ૫ મી જાન્યુઆરી : ૧૯૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૪ મું<br>અંક ૨-૩ જો. | માગશર—પોષ. | વીર સં. ૨૪૭૪<br>વિ. સં. ૨૦૦૪ |


## अनुक्रमणिका


૧. આત્મા શાને ઉતાવળા ... ... ( મુનિ શ્રી રત્નચંદ્રવિજયજી ) ૨૯

૨. ઈશ્વર સ્વરૂપ ... ... ... ... ( રાજમલ ભંડારી ) ૩૦

૩. કર્મનો અટલ ઈન્સાફ ... ... ( અમરચંદ માવજી શાહ ) ૩૧

૪. નિક્ષેપ-અવતાર ... ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૩૨

૫. મૌનનો અચિંત્ય પ્રભાવ ... ... ( મુનિ શ્રી ધુરંધરવિજયજી ) ૩૮

૬. ભવ્ય અભવ્ય વિચારણા ... ( શ્રી [illegible] દોશી ) ૪૧

૭. સમુદ્રતીરે સર્ગો ... ... ... ... ... ( મૌક્તિક ) ૪૩

૮. ઉદ્દેસ, ઉદ્દેસણકાલ, સમુદ્દેસ, સમુદ્દેસણકાલ ઇત્યાદિ ... ...
( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૪૯

૯. પ્રશ્નોત્તર ... ... ... ... ( સ્વ. કુંવરજીભાઈ ) ૫૩

૧૦. શું એ હાર ડોકલી ગળી ગયો ? ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૫૫

૧૧. યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક : ૪
( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) ૬૧


## નવા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી મણિલાલ વનમાળીદાસ શેઠ | કલકત્તા | | પેટ્રન |
| ૨. ડૉ. સી. જી. નારીચાણીઆ | લાઠીદડ | | લાઈફ મેમ્બર |
| ૩. કાંતિલાલ હેમરાજ વાંકાણી | ભાવનગર | | ,, |
| ૪. શા. મોહનલાલ મોનજીભાઈ | ભાવનગર | વાર્ષિકમાંથી | ,, |
| ૫. શ્રી જૈન શ્વેતાંબર લાઈબ્રેરી | બાંકલી | ,, | ,, |
| ૬. દોશી જેસીંગભાઈ સોમાભાઈ | કપડવંજ | | વાર્ષિક મેમ્બર |
| ૭. શાહ હીરાચંદ દેવચંદ | અમદાવાદ | | ,, |


## અભિનંદનીય.

સ્વ. લલ્લુભાઈ ચાંપશી-મુંબઈવાળા આ સભા પ્રત્યે અનહદ પ્રેમ ધરાવનાર સભાસદ હતા. સભા મારફત એકાદ-બે પુસ્તકનું પ્રકાશન પણ તેમણે કરાવેલ. તેઓએ પોતાના વીલમાં રૂા. ૫૦૦) સ્વ. શ્રી કુંવરજીભાઈ સ્મારકફંડમાં આપવા નોંધેલ, જે રકમ તેઓ સ્વર્ગવાસી થતાં તેમના એક્ઝીક્યુટર ઠા. હરિદાસ દામજીભાઈએ મોકલાવી આપેલ છે, જે હકીકત પ્રશંસાપાત્ર તેમજ અભિનંદનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—



શ્રીયુત મણિલાલ વનમાળીદાસ શેઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત્ મણિલાલ વનમાળીદાસ શેઠ.

ભાઈશ્રી મણિલાલ વનમાળીદાસ શેઠ જેવા એક કેળવાયેલ, સંસ્કારી અને ધર્મનિષ્ઠ ગૃહસ્થ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પેટ્રન થયા છે તેથી આ સભાને ઘણો હર્ષ અને સંતોષ થાય છે. ભાઈશ્રી મણિલાલ મુંબઈ યુનિવર્સીટીના ગ્રેજ્યુએટ છે. કૉલેજના ઘણા દિવસો તેમણે ભાવનગરમાં ગાળ્યા છે. તેમનું કૉલેજનું જીવન યશસ્વી અને આકર્ષક હતું. સામાન્ય સ્થિતિમાં નાનપણમાં ઉછર્યા પછી આપબળે તેઓ આગળ વધ્યા છે, અને અત્યારે વ્યાપારમાં, ખાસ કરીને કલકત્તાના વ્યાપારમાં તેઓ મોટું સ્થાન ભોગવે છે. કલકત્તામાં કચ્છ–કાઠીયાવાડ અને ગુજરાત જૈન સંઘના તેઓ સેક્રેટરી તરીકેનો માનવંતો હોદ્દો ધરાવે છે.

આર્થિક ક્ષેત્ર કરતાં પણ તેમનું જીવન ધાર્મિક ક્ષેત્રમાં ઘણું ઉચ્ચ સ્થાન ભોગવે છે. ઇંગ્રેજી વ્યવહારિક કેળવણી લીધા છતાં ધાર્મિક સંસ્કારો તેમના જીવનમાં ઓતપ્રોત રહ્યા છે. જૈન ધર્મના દરેક વ્રતો અને નિયમો તેઓ ચુસ્તપણે પાળે છે, કઠીન તપો કરે છે, અને સાધુસંતોની અહર્નિશ શુશ્રૂષા કરે છે. આચાર્યમહારાજ શ્રી વિજયરામચંદ્રસૂરિજીના તેઓ પરમભક્ત છે, અને તેઓશ્રીના ધર્મોપદેશની તેમના જીવન ઉપર ઊંડી છાપ પડેલ છે.

ભાવનગરનિવાસી સદ્‌ગત શેઠશ્રી નરોત્તમદાસ ભાણજીના પત્ની સ્વર્ગવાસી સૂરજબેનના તેઓ લઘુ બંધુ થાય છે. તપના સાક્ષાત્ મૂર્તિરૂપ સૂરજબેનના માસખમણ વખતે તેઓ બેનની સાથે જ હતા, અને છેવટ સુધી બેનની ધર્મભાવના અને અડગ નિયમના પોષક રહ્યા હતા.

આવા સંસ્કારી, કેળવાયેલ અને ધર્મપ્રેમી ભાઈને સભાના પેટ્રન થતાં અમારા અભિનંદન છે.

For Private And Personal Use Only